બાઈ પાર્વતીકુંવર સાહેબરાય સ્મારક ફંડના ઈનામનો નિબંધ.

સીતા અને દમયંતીનાં આખ્યાન.

રચનાર

પુરાણી નાગેશ્વર જેષ્ટારામ.

છપાવી પ્રસિદ્ધ કરનાર

ગૂજરાત વર્નાક્યુલર સોસાઈટી.

સંવત્ ૧૯૪૨. ઈ. સ. ૧૮૮૬.

અમદાવાદ.

યુનાઈટેડ પ્રિન્ટિંગ અને જ. એ. કં. "લિમિટેડ"ના પ્રેસમાં છાપ્યાં.

કીમત ૩ આના.

પ્રસ્તાવના.

આ વાત સર્વમાન્ય છે કે પ્રત્યક્ષ કરતાં પરોક્ષ ઉપદેશની અસર વાંચનાર તથા સાંભળનારને વહેલી થાય છે. આ નિયમને અનુસરીને ઈસાપે જોડેલી વાતો દુનિઆના સર્વ ભાગમાં ઘણી પ્રસિદ્ધ અને લોકપ્રિય થઈ પડી છે. પંચોપાખ્યાનમાં પણ એજ પ્રમાણે દ્રષ્ટાંતદ્વારાએ જૂદા જૂદા અનેક વિષય સંબંધી શીખામણો સમાવેલી છે અને તે સર્વ લોક હોંસે હોંસે વાંચેછે. પરોક્ષ ઉપદેશની આવી ચમત્કારિક અસર ધ્યાનમાં લેઈને ગૂ. વ. સોસાઈટીએ આ આખ્યાન લખાવ્યાં છે. અને તેની મતલબ એ છે કે સીતા અને દમયંતી જેવી પતિવ્રતા અને સદ્‍ગુણી સ્ત્રીઓનાં ચરિત્ર ઉપરથી જે રૂડો બોધ મળેછે તે આપણા દેશની સ્ત્રીઓ ગ્રહણ કરે અને તેના યોગે પોતાના સંસાર વ્યવહારિક નીતિ—ધર્મમાં રૂડી રીતે ચાલી સુખી થાય.

રામાયણ અને મહાભારતમાં આ આખ્યાનો સંસ્કૃતમાં છે તે ઉપરથી ગૂજરાતી કવિતામાં તેના ઉતારા થયલા છે. પરંતુ રસાલંકારની યોજનાને લીધે તથા ઓછા જ્ઞાનવાળાં માણસોને ધર્માચરણ તરફ વાળવાની પ્રાચીન કાવ્ય અને પુરાણિક ગ્રંથકારોની યુક્તિને લીધે તેમાં અનહદ અતિશયોક્તિ થયેલી માલૂમ પડેછે. એટલુંજ નહિ, પણ ગૂજરાતી કવિઓએ તેમાં પોતાની ગાંઠનું કેટલુંક રોચક વર્ણન ઉમેરીને તથા મરચું મીઠું ભભરાવીને તેની રચના એવી કરી નાંખીછે કે એમાં સત્ય કેટલું છે તે શોધી કાઢવાને બુદ્ધિમાન મનુષ્યોને પણ મુશ્કિલ પડે તેમ છે. કથા કરનાર પુરાણીઓ તથા માણભટો આ આખ્યાનો વાંચી કે કહી સંભળાવે છે તેઓ પોત પોતાની બુદ્ધિ પ્રમાણે સમજાવે છે તેથી વળી વધારે ગુંચવણ થઈ પડેછે. આ પ્રમાણે ગરબડ થઈ જવાથી એ આખ્યાનોની મૂળ મતલબ બાજુએ રહી જાયછે અને તેમાંનો વાસ્તવિક બોધ ગ્રહણ કરવાનું સર્વથી બની શકતું નથી. માટે આ પુસ્તકમાં દાખલ કરેલાં એ

આખ્યાનો તત્વબોધક સાર રૂપ ગદ્યમાં લખાવ્યાં છે કે તેથી તે લખાવવાની મતલબ પાર પડે.

સીતા અને દમયંતીનાં આખ્યાનોમાંથી સ્ત્રીઓ તથા પુરૂષો બંનેને ઘણી જાતનો બોધ મળી શકે તેમ છે. તોપણ આ આખ્યાનો લખાવવાની મુખ્ય મતલબ પ્રથમ જણાવ્યા પ્રમાણે સ્ત્રી—સમાજના સંસાર વ્યવહારિક સુધારાની છે તેથી તે મતલબ પાર પડે એવી રચના કરાવવા તરફ વિશેષ લક્ષ આપેલું છે. રા. સા. મહીપતરામ રૂપરામ, સી. આઈ. ઈ. એમનાં સ્વર્ગવાસી પત્નિ બાઈ પાર્વતીકુંવર સાહેબરાયની યાદગીરી માટેના ફંડનું ઈનામ આપી આ આખ્યાન રચાવ્યાં છે. એ ફંડના રૂ૨૦૦૦) ગૂ. વ. સોસાઇટીને ત્રસ્ટી તરીકે સોંપેલા છે તેના વાર્ષિક વ્યાજના રૂ૮૦) માંથી દર વર્ષે રૂ૧૩) પેટામાં જણાવ્યા પ્રમાણે ધર્માદા આપવાના છે અને બાકીના રૂપિઆ સ્ત્રીકેળવણીને ઉત્તેજન મળે અને તેની વૃદ્ધિ થાય તેમાં તથા સ્ત્રીઓની સંસાર વ્યવહારી અને નીતિ સંબંધી સ્થિતિમાં સુધારો થઈ તેઓ સુખી થાય તેવા ઉપદેશનાં પુસ્તકો રચાવવાના કામમાં ખર્ચવાનો ઠરાવ છે. આ ઠરાવ પ્રમાણે પહેલ વહેલાં આ આખ્યાનો રૂ૪૦) નું ઈનામ આપી રચાવ્યાં છે. જો કોઇ સ્ત્રીએ આ આખ્યાનો લખ્યાં હોત તો તેને રૂ૬૦) આપવાનો ઠરાવ હતો પણ કોઇએ તેવો પ્રયત્ન નહિ કરવાથી પુરૂષ લખનારને ઈનામ મળ્યું છે.

૫) અમદાવાદ પ્રાર્થનાસમાજમાં
  મર્હુમ બાઈના નામથી સવાજમના.
૩) અમદાવાદ બાળરક્ષક ગૃહ ખાતે.
૩) સુરતના નિરાશ્રિત ફંડ ખાતે.
૨) પંઢરપુર બાળરક્ષક ગૃહ ખાતે.

લખાઈ આવેલાં આખ્યાનો છપાવતી વખતે તેમાં કેટલોક સુધારો તથા ફેરફાર કરવો પડ્યો છે અને તેમ કરતાં દમયંતીના આખ્યાનને માટે મહાભારતમાંના મૂળ વર્ણન ઉપર વિશેષ આધાર રાખ્યો છે. સાધારણ જ્ઞાનની સ્ત્રીઓ પણ સમજી શકે એવી સહેલી ભાષા કરવાને બનતી કાળજી રાખી છે અને તેથી આશા છે કે જે ધારણાથી આ આખ્યાનો રચાવી પ્રગટ કર્યાંછે તે ધારણા ઘણે અંશે ફલિભૂત થશે.

ગૂ. વ. સોસાઈટીની ઓફિસ.
અમદાવાદ. આગષ્ટ ૧૮૮૯.

કૃપાશંકર દોલતરામ ત્રવાડી,
આસિસ્ટંટ સેક્રેટરી, ગૂ. વ. સોસાઈટી.

२८५५ २८५५

સિતાનું આખ્યાન.

સિતા, એ પતિવ્રતા બાઇને જન્મ્યાં કેટલાં વર્ષ થઈ ગયાં તે નકી જણાતું નથી. આદિ કવિ વાલ્મિકમુનિ અને બીજા ઘણા જુના પંડિતોના હાથથી લખાએલા રામાયણ, ભાગવત, તથા હનુમાન નાટક વગેરે સંસ્કૃત ગ્રંથોમાં જોતાં જણાયછે કે, ત્રેતાયુગમાં સૂર્યવંશી દશરથ રાજાની રાણી કૌશલ્યાથી રામચંદ્રજીનો જન્મ થયો હતો અને સિતા તેમની રાણી હતી.

ભરતખંડમાં *મિથિલ નામનો દેશ છે ત્યાં અસલ જે ક્ષત્રી રાજાઓ રાજ્ય કરતા હતા તેમને મૈથિલ રાજાઓ એવું નામ આપેલું હતું. તેમના વંશનો મૂળ પુરૂષ વિદેહ રાજા થયો, તેથી કેટલાએક લોકો તેના વંશજોને જનકવિદેહી કહેવા લાગ્યા. તેમની રાજધાનીનું મુખ્ય શહેર જનકપુર હતું. તે વંશમાં કેટલીએક પેઢીએ જે પ્રખ્યાત જનકરાજા થયો તેની રાણી સુમેધાને પેટે એ સિતા નામની પુત્રી અવતરી. કેટલાક કવિ કહેછે કે ભોંય ખેડતાં હળની પૂણીથી જમીનમાં દટાએલી એક પેટી નીકળી તેને ઉઘાડીને જોયું તો અંદરથી આ બાળકી નજરે પડી. આ વાત કલ્પિત હોય કે કેમ તે કહી શકાતું નથી; પણ એટલું તો ખરૂં કે કોઈ પ્રખ્યાત માણસના ગુણનું વર્ણન કરતાં અલંકારી વાણી લખવાની રૂઢી અસલથી ચાલી આવેછે. આ પ્રમાણે આજના કવિયો પણ લખેછે. એ કન્યા જન્મી ત્યારથીજ તેના શરીરની આકૃતિ જોતાં સૌના મનમાં એમ દીસવા લાગ્યું કે એ રૂડા આચરણની નીવડશે. જેમ જેમ તે મોટી થતી ગઈ તેમ તેમ તેનું રૂપ અને ગુણ દિવસે દિવસે શુકલપક્ષના ચંદ્રની કળા માફક ખીલવા લાગ્યાં. માબાપને એ એકજ દીકરી અને રાજકુળનું ફરજંદ માટે ઘણા લાડ સાથે ઉછરી. જ્યારથી એણે સમજવા માંડ્યું ત્યારથી તેની સેવામાં ઊંચા કુળનાં માણસો નીમાયાં; તેમના સ-

* જનકપુર તથા ગોરખપુરનો પ્રાંત.

હવાસથી કોઈ પ્રકારનો દુર્ગુણ નાનપણથીજ એનામાં પ્રવેશ કરી શક્યો નહિ. તે વખતની રીત પ્રમાણે સ્ત્રીયોને વિદ્યા સંબંધી કેળવણી માબાપ તરફથી જરૂર જેટલી મળતી. આજની પેઠે અજ્ઞાની માબાપની અભણ દીકરીઓ પશુવત્ જન્મારો ગાળેછે તેમ નહોતું. સિતાએ કાળના અનુસાર પ્રમાણે વિદ્યાનો સારો અભ્યાસ કર્યો. જનકરાજાના દરબારમાં મોટા મોટા વિદ્વાન ઋષિઓ વખતે વખત આવતા; તેમના મોંથી નીતિયુક્ત સારા સારા ઇતિહાસો તથા શાસ્ત્ર સાંભળવાનો અવકાશ એને મળતો. દરબારી કામથી પરવારીને જનકરાજા પોતાને રહેવાના એકાન્ત મહેલમાં આવતા, ત્યારે સુમેધા રાણીની સાથે હરેક વિષય ઉપર સિતાને ચરચા કરતી જોઈ ઘણા ખુશી થતા હતા. ધીમે ધીમે યુવાવસ્થાના પ્રવેશથી, જેમ જેમ સિતાના શરીરના અવયવોમાં ફેરફાર થવા માંડ્યો તેમ તેમ બુદ્ધિનું બીજ કેળવાઈ આ સંસારરૂપ સમુદ્રમાં *દૈહિક નાવ ખેડવાને પણ તે વાકેફગાર થતી ગઈ. સંસારનું સુખ ભોગવવાને સ્ત્રી પુરૂષોને અન્યોઅન્ય સરખી જરૂર છે, એમ સિતાના મનમાં પક્કું સમજાયું, ત્યારે પોતાની સમાન વયની સખીઓ સાથે કોઈ કોઈ વખત લગ્ન સંબંધી ચરચા ચલાવતી; પણ પોતાના અમુલ્ય દેહને કાળા પત્થર સાથે અફાળવાને ઇચ્છતી નહોતી. વિદ્વાન, શૂરો અને સમાન વયનો લાયક ક્ષત્રી મળે તો સારૂં, એ વિચાર એના મનમાં વારે વારે ઘુંટાવા લાગ્યો. એકદમ અધીરી ન થતાં તથા શરમને લીધે આવા વિચારો માબાપને કાને ન પડે એવો પ્રયત્ન તે કરતી હતી, તે છતાં, એની આકૃતિ ઉપરથી તેઓના સમજવામાં આવ્યું કે સિતા હવે વરવાને યોગ્ય થઈ છે. તે સમયે સ્વયંવર (ઇચ્છાવર) વરવાનો ધારો ઘણોજ ઉત્તમ પ્રકારનો હતો; એથી આજની પેઠે કજોડાં અને અણબનાવથી ઉત્પન્ન થતાં નઠારાં પરિણામોનો બોજો ખમવો પડતો નહિ. સ્વયંવરમાં દેશ દેશના ક્ષત્રીઓને બોલાવી તેમના પરાક્રમ વિષે હરકોઈ રીતે પરીક્ષા લેવામાં આવતી; તેમાં જે ઉત્તમ જણાય તેની સાથે કન્યા વરતી હતી. સુમેધા અને જનકે પણ પોતાની સુરૂપા, ગુણવાન, અને ડાહી કુંવરીને યોગ્ય વર ખોળવા સ્વયંવર રચવો ઠરાવ્યો. જનકરાજાના ઘરમાં એક ભારે અને મજબૂત ધનુષ્ય હતું, જે

---

*દેહરૂપી.

મોટા મોટા યોદ્ધાઓને હાથે પણ તૂટી શકતું નહોતું. કહેછે કે તે ધનુષ્ય વડે કોઈ ફરશુરામ નામના ઋષિએ એકવીસ વાર ક્ષત્રીઓની સાથે યુદ્ધ કરી તેઓને હરાવ્યા હતા. ફરશુરામના ઘડપણમાં જનકરાજાએ તેની બરદાશ કરી, તેના બદલામાં તેણે આ પોતાનું ધનુષ્ય જનકને બક્ષીસ આપ્યું હતું. સિતાને નાનપણથી તે ધનુષ્ય સાથે રમવાનો શોખ ઘણોજ હતો; તેથી જનકે નકી કર્યું કે 'જે રાજપુત્ર આ ધનુષ્યને તોડે તેજ સિતાને વરે.' આ વાત સિતા અને તેની મા સુમેધા વગેરે સઘળા કુટુંબને ગમી; તે ઉપરથી જનકે દેશ દેશના રાજાઓ ઉપર કંકોત્રી મોકલી તેમને સિતાના સ્વયંવરમાં તેડ્યા. સિતાના વિવાહનો ઉત્સવ આખા નગરમાં સરખો જણાવા લાગ્યો. સઘળી જાતના લોકો પોતાનાં ઘર ધોળાવી તરેહવાર રંગનાં ચિત્રોથી તથા સુશોભિત પદાર્થોથી શણગારવા મંડ્યા. સ્રી અને પુરૂષો પોતાનાં અંગ ઉપર નવી નવી ભાતનાં કપડાં તથા ઘરેણાં પહેરી, પોતાના રાજા ઉપરનો ખરા અન્તઃકરણનો પ્યાર ઉલટભેર જણાવવા લાગ્યાં. જનકરાજા, દીવાન, કારભારી, નોકર, ચાકર, વગેરે સઘળું સરકારી મંડળ મહેલ શણગારવાના કામમાં અને માંડવાની રચના તથા પરદેશી પરોણાઓને ઉતારવાની સગવડ કરવામાં ગુંથાયું. નગારાં, નિશાન અને નોબતો વગેરેથી નગરમાં એટલી ધામધુમ મચી રહી કે આનંદ આનંદ સિવાય બીજો એકે શબ્દ સંભળાયજ નહિ. નગરમાં આટલો બધો ઉમંગ જણાતાં છતાં, સિતાને પોતાના એકાન્ત મહેલમાં શોકાતુરની પેઠે પથારી ઉપર પડેલી જોઈ, તેની બેનપણીઓ તેને પૂછવા લાગી કે, બેન! સઘળી જગોમાં હરખ અને ઉમંગ જણાવાનું કારણ તો તમે છો, તથાપિ તમારો ચહેરો જોતાં દિલગિરીનો દેખાવ નજરે આવેછે, તેનું કારણ જણાવી તમારૂં દુઃખ દૂર કરવાને અમને સામેલ કરો. સખીઓનો પોતાના ઉપર અસાધારણ પ્રેમ જોઇ, સિતા પોતાની ઉદાસીનું કારણ તેમને કહેવા લાગી.

અરે મારી વહાલી બેનો! જગત્કર્તા પરમકૃપાળુ પરમેશ્વરે આ પૃથ્વીપરનાં પ્રાણીઓમાં નર અને માદા એ બે જાત ઉત્પન્ન કરી છે. સંસાર ભોગવવાને માટે એ બે જાતનું જોડું બનવાની જરૂર છે. મનુષ્ય સિવાય બીજાં પ્રાણિયોમાં કેવળ અંગ-જ્ઞાન મૂકેલું છે અને મનુષ્યને

અંગ-જ્ઞાન અને તર્ક-શક્તિ એ બે મળેલાં છે. પશુ વગેરે હલકા વર્ગનાં પ્રાણિયો સંસારનું સુખ ભોગવેછે, તો આપણે જ્ઞાની છતાં આખી જીંદગાનીનું સુખ જેના ઉપર આધાર રાખેછે, તેની સાથે સંબંધ બાંધતાં પુખ્ત વિચાર શા માટે કરવો ન જોઇએ ? સ્ત્રીએ સ્વામીની સાથે અને સ્વામીએ સ્ત્રીની સાથે શી રીતે વર્તવું તથા તેમણે કયા ધર્મ પાળવા, તે સમજ્યા સિવાય ગૃહસ્થાશ્રમનું સુખ કદી ભોગવાતું નથી. એક બીજાના સ્વભાવ મળતા આવે તોજ જોડું સુખી થાયછે, નહિ તો પરણ્યા પછી પસ્તાવું પડેછે. આ અત્યારનો જે ઉમંગ જણાયછે, તે તો ફક્ત ટૂંક મુદતને માટે છે. પણ એવો આનંદ મને જીંદગાની સુધી પહોચશે કે નહિ ? તે બાબત મારા મનમાં તરેહ તરેહના વિચારો ઉત્પન્ન થાયછે. મારા પિતાએ નક્કી કર્યું છે કે જે રાજપુત્ર [1]ત્ર્યંબક તોડે, તેને કન્યા આપવી. તે વાત ખરી, પણ કદાપિ કોઈ મજબૂત બાંધાનો બળવાન પુરૂષ એકદમ જરખની પેઠે પોતાના કૌવતને લીધે ઓચિંતો ધનુષ્ય ભાગી નાંખશે અને તેનામાં બુદ્ધિનો લેશ નહિ હોય અથવા તે કંઈ વિદ્યા નહિ ભણ્યો હોય અથવા કદરૂપો કે બેડોળ હશે, તેવાની સાથે વરવું પડશે તો મારી શી વલે થશે ! ! પછી ગમે તો તે ઉંચા કુળનો હોય અને પુષ્કળ દ્રવ્ય-ભંડારનો માલિક હોય, પણ જો તે મૂર્ખ હોય તો તેની સાથે જન્મારો ગુમાવવો અને શરીર સોંપવું તે પરિણામે દુઃખરૂપ થવાનું. અરે ! પણ (નિમ-નિયમ) કરવામાં મારા બાપે ભૂલ ખાધી ! પણ ના, ના; [2]ધનુર્વિદ્યામાં કુશળ સિવાય સાધારણ અકલના માણસથી ફરશુરામનું ધનુષ્ય તોડાય તેમ મને લાગતું નથી. એમાં ઘણો ઊંડો વિચાર કરવો પડે એવું છે; કળા વગર એકલું બળ વાપરેથે અર્થની સિદ્ધિ થાય તેમ નથી, પછી તો ઇશ્વરની મરજી ! પણ વળી બીજો વિચાર થાયછે કે, દરેક સ્વયંવરમાં જઈ જીત મેળવવી અને અનેક રાજકન્યાઓ પરણી લાવવી એવોજ વેપાર કોઈ ક્ષત્રીએ માંડ્યો હશે, તેવાના કેદખાનામાં જઈ બીજી સ્ત્રીઓની પેઠે મારે પણ [3]સડવું પડશે, તો પછી મારી શી ગતિ ? ! મારી વહાલી બેનો ! આવા આવા વિચારોમાં મારૂં મન ગભરાયું છે, માટેજ રાત્રે ઊંઘ આવતી નથી, તેમ કંઈ ચેન પણ પડતું નથી. આ પ્રમાણે

૧ ધનુષ્ય. ૨ કામઠું ચઢાવવાની તથા તીર મારવાની કળા. ૩ રિબાવું.

સિતાને ગભરાતી જોઈ તેની બેનપણીઓ કહેવા લાગી કે, બેન! એમ [1]હામલશો નહિ, પરમેશ્વર સઘળું સારૂંજ કરશે; ધીરજનાં ફળ મીઠાંજ હોય. એમ સખિયો તેને દિલાસો આપતી હતી, એવામાં સુમેધા માતાને પોતાના મહેલમાં આવતાં જોઈ સિતા સાવચેત થઈ બીજી આડી વાતો કરવા લાગી. માતાએ કહેવા માંડ્યું, બેન ! કાલે તારા સ્વયંવરનો દિવસ મુકરર થયોછે, માટે પરવારીને સાવધ રહેજો. તે સાંભળી સિતા પોતાને પહેરવાનાં લૂગડાં તથા ઘરેણાં ગાંઠાં સજ કરવાની ત્રેવડમાં પડી. જનકે દબદબાથી માંડવો શણગાર્યો. મધ્યભાગમાં ઊંચા સમચોરસ ઓટલા ઉપર ફરશુરામનું ભયંકર ધનુષ્ય ગોઠવ્યું. જમણી અને ડાબી બાજુએ દેશ દેશના રાજપુત્રોને બેસવા અધિકાર પ્રમાણે આસન મૂક્યાં. ધનુષ્યની સામીબાજુએ સિતા સહિત સઘળી સ્ત્રીઓને બેસવા ચક નંખાવ્યા. રાજકુળના પુરૂષોની પછવાડે દીવાન, કારભારી, તથા શાહુકારોને બેસવાની ગોઠવણ ઘણી સારી રીતે કરી. છૂટા મેદાનમાંથી નગરના સઘળા લોકો જોઈ શકે એવી બહોળી જગોમાં આ મંડપ રચાયો હતો. દેશ દેશના ક્ષત્રી રાજાઓ પોતાનું સૈન્ય લઈ હરખભેર નગરમાં ભરાવા લાગ્યા; તેઓ પોતાને આપેલ ઉતારે ઉતર્યા. લગ્નને આગલે દિવસે સાંજથી જનકપુરમાં ભારે ભીડ થઈ રહી હતી. બીજે દિવસે સવારના પહોરમાં નહાઈ ધોઈ બણીઠણી ક્ષત્રી રાજાઓ હથિઆરબંધ મંડપમાં ભરાવા લાગ્યા. પહોર દિવસ ચઢતામાં તો મંડપ ખચખચોને ભરાઈ ગયો. એવામાં જનક રાજાને ખબર મળી કે, વિશ્વામિત્ર [2]રાજર્ષિ કેટલાક બ્રાહ્મણોના ટોળા સાથે સ્વયંવર જોવા પધારેછે; તેથી એકદમ તે રાજા આસન ઉપરથી ઊઠી, કેટલાએક માણસો સંગાથે તેમને તેડવા સામો ગયો અને ઘણું માન આપી પગેલાગી મંડપમાં તેડી લાવ્યો. રાજાઓના અગ્રભાગમાં બ્રાહ્મણો સહિત તેમને બેસાડ્યા. વિશ્વામિત્રની જોડે સોળ સોળ વર્ષની વયના બે ક્ષત્રી બાળકો હથિઆરબંધ બેઠેલા જોઈ જનકે પૂછ્યું, આ કોણ છે મહારાજા? ઋષિએ કહ્યું, એમનો સઘળો હેવાલ કહેવાને હાલ [3]અવકાશ નથી, તોપણ ટૂંકામાં કહુંછું તે સાંભળ. અયોધ્યાના સૂર્યવંશી રાજા દશરથના એ બેઉ પુત્રો છે. તેમાં આ મોટાનું નામ **રામ** અને નાનાનું નામ **લક્ષ્મણ** છે.

---

૧ ના ઉમેદ થશો નહિ. ૨ તપસ્વી ક્ષત્રી. ૩ વખત.

જેવું એમનું રૂપ જણાયછે તેને ઘટે એવા સઘળા સદ્ગુણોથી એ ભરપૂર છે. જેમ જેમ તમે એમના પરાક્રમથી જાણીતા થશો તેમ તેમ તમને ખબર પડતી જશે. મારા તપોવનમાં કેટલાએક ક્રૂર રાક્ષસો આવી વારે વારે અમારા ઇશ્વરોપાસનાના કામમાં વિઘ્ન કરતા હતા, માટે મેં અયોદ્ધામાં જઈ રાજા દશરથની મદદ માગી; તેણે આ બેઉ પુત્રોને મારી સાથે બંદોબસ્ત કરવા મોકલ્યા, તેમણે મારા તપોવનમાં આવી રાક્ષસોની સાથે ભારે યુદ્ધ કર્યું અને સુબાહુ તથા મારીચિ વગેરે હજારો રાક્ષસોને મારી તેમનો પરાજય કર્યો, તેથી હવે અમે સુખે વસીએ છીએ. મારી રજા લઇ એ બેઉ ભાઈ અયોદ્ધા જતા હતા, એવામાં તમારી કંકોત્રી આવી, તેથી એમને મારી સાથે સ્વયંવર જોવા તેડી લાવ્યોછું. ધનુર્વિદ્યામાં બેઉ જણા ઘણાજ કુશળ છે, તેમાં વળી આ રામનાં સઘળાં આચરણ [1]સ્તુતિપાત્ર છે. આ હકીકત સાંભળી જનક અને સઘળી સભા ખુશી થઈ. જનકના મનમાં આવ્યું કે, આ મોટો છોકરો વયે અને રૂપે મારી સિતાને લાયક છે, પણ લાચારછું કે ધનુષ્ય ભાગે તેજ સિતાને વરે. છેવટે જનકે સભામાં ઊભા થઈ પોતાનો હેવાલ કહેવા માંડ્યો. હે રાજકુમારો! મેં આપને આટલે દૂર દેશ પધારવાને તસ્દી આપીછે તે એટલા માટે કે ક્ષત્રિયોના બળની પરીક્ષા માટે સામું મૂકેલું ધનુષ્ય તોડી ફતેહ મેળવે તેને મારી સિતા નામની પવિત્ર પુત્રી આપી જમાઈ કરવાને ચાહુછું. આ વિનંતિ સાંભળી જે માત્ર નામનાજ ક્ષત્રીઓ કહેવાતા હતા તેમની આશા તો અત્યારથીજ ભંગ થઈ; કેટલાએક ધનુષ્યની પાસે જઈ આમથી તેમ હલાવવાનો પ્રયત્ન કર્યો, પણ કંઈ વળ્યું નહિ. સઘળા રાજાઓનાં મોઢાં કરમાએલાં જોઈ વિશ્વામિત્રે રામની ભણી જોયું. એટલે સઘળી સભાના દેખતાં હરણના ટોળામાંથી સિંહ નીકળે તેમ રામ ઊઠીને ઊભા થયા. બાંધેલાં હથીઆર અને પહેરેલું કવચ ઉતારીને હેઠે મૂક્યું અને વિશ્વામિત્રને પગે લાગી એકદમ ધનુષ્યવાળા ઓટલા ઉપર સામા જઈ ઊભા રહ્યા. આ વખતે એમની આકૃતિ જોઈ, ચકમાં બેઠેલી સિતા તથા સઘળી સભા તલ્લીન થઈ ગઈ. પોતાના ડાબા પગનો અંગુઠો ધનુષ્યના નીચલા છેડાપર અડાડ્યો, એટલામાં તે તુરત ઊંચુ થયું. પછી

---

૧ વખાણવા લાયક.

મધ્યમાંથી ઝાલી પણછ ખેંચતામાં તો શેલડીના સાંઠાની માફક તેના બે કકડા થઈ ગયા. ત્રંબક ભાગતાં એવો ભયંકર કડાકો થયો કે, સભામાં બેઠેલાં સઘળાં મનુષ્યો ઓચિંતાનાં ઝબકી ઊઠયાં. રામનું પરાક્રમ જોઈ સઘળા વિસ્મય પામ્યા. ચારે પાસેથી જય જયના શબ્દો સંભળાવા લાગ્યા અને મંગળ વાજાં વાગી રહ્યાં. જનકે સિતાને આજ્ઞા કરી એટલે તે પોતાની સખિયો સંગાથે ઊઠીને ઊભી થઈ, હાથમાં રત્નજડીત વરમાળ લઈ ચક્રમાંથી બહાર આવી. જેમ વિજળી થવાથી નેત્ર મિંચાઈ જાય તેમ સિતાનું સ્વરૂપ જોઈ મંડપમાં બેઠેલા ક્ષત્રી રાજાઓની આંખો તેજથી પૂરાઈ ગઈ અને પોત પોતાના આસન ઉપર પૂતળાની પેઠે ચકિત થઈ ગયા. સિતાનું શરીર નાજુક અને ઘાટીલું હતું અને ચામડી સોનાના વરકના જેવી ચળકતી હતી. રત્નજડીત સોનાના અલંકારો ધારણ કર્યા હતા, તે સુશોભિત રંગનાં ઝીણાં વસ્ત્રોમાંથી શરીરના ખીલતા અવયવોને ઢાંકી દેતા નજરે પડતા હતા. સિતા પોતાનાં કમળ જેવાં નેત્રો વડે અમૃત-[1]દૃષ્ટિથી બેઉ બાજુ તરફ જોતી જોતી, સિંહણની ચાલે ગતિ કરતી જઈ રામચંદ્રજીના ગળામાં હાર [2]આરોપણ કરી, તેમની ડાબી બાજુએ હરખભેર નીચી નજરથી ઊભી રહી. દેવપૂતળાં જેવું એ જોડું દીસવા લાગ્યું. પછી જનકરાજાએ તુરત અયોધ્યા માણસ મોકલી જાન સુદ્ધાં દશરથરાજાને તેડાવ્યા અને સારૂં મૂહૂર્ત જોવરાવી યથાવિધિ રામને કન્યાદાન આપ્યું. જનકરાજાના ભાઇને બીજી ત્રણ દીકરીઓ હતી, તે લક્ષ્મણ વગેરે રામના નાના ત્રણ ભાઇયો વેરે પરણાવી. સિતાને હવે સાસરે વળાવવી પડશે અને તેનો વિયોગ થશે, એમ ધારી જનકે આગ્રહથી ઘણા દિવસ જાનને જનકપુરમાં રાખી. છેવટે દશરથની મરજી અયોધ્યા તરફ જવાને આતુર જોઈ, જનકે પેરામણી આપી. વિદાય કરવા જનકરાજા દશરથની સાથે ગામથી કેટલેક દૂર સુધી ગયા, ત્યાંથી તેમને પાછા વાળી દશરથરાજા કુચ કરી થોડે દિવસે અયોધ્યાના ઉપવનમાં આવી પહોંચ્યા. રામ લક્ષ્મણનું નાની વયમાં આટલું બધું પરાક્રમ સાંભળી અયોધ્યાની પ્રજા હરખભેર દૂર સુધી સામી આવી. બધા મંડળે વાજતે ગાજતે શહેરમાં પ્રવેશ કર્યો. રામની માતા કૌશલ્યા પોતાના પુત્રને લાયક કન્યા મળી તે

---

૧ મીઠી નજરથી. ૨ પહેરાવી.

જોઈ ઘણી હરખ પામી.નગરની નારીઓએ સમય પ્રમાણે શોભતાં ગીત ગાવા માંડ્યાં.

રામ અને સિતા પોતાનાં પવિત્ર આચરણથી સઘળા કુટુંબને અને પ્રજાને પ્રાણ કરતાં વધારે વહાલાં થયાં. એમ અયોધ્ધામાં કેટલાક દિવસ ગયા. પછી દશરથરાજાએ પોતાની વૃદ્ધાવસ્થા જોઇ વિચાર્યું કે, રાજ્ય ચલાવવાના સઘળા ગુણ પાટવી કુંવર રામનામાં યોગ્ય ઉમ્મરે દાખલ થયાછે, માટે મારા જીવતાં એને ગાદી ઉપર બેસારાય તો ઘણું સારૂં. એમ ધારી વશિષ્ટ નામના પોતાના કુળ ગુરૂને બોલાવી પોતાનો અભિપ્રાય તેમને જણાવ્યો. વશિષ્ટ અને રાજ્યને લાગતા વળગતા સઘળા કારભારી મંડળે દશરથરાજાના એ વિચારને ટેકો આપ્યો. પ્રજા પણ નવા રાજાની હકુમત તળે ઉત્તમ સુખશાન્તિ મેળવવાને આતુર જણાઈ. એમ સર્વનો એક મત જોઈ દશરથે મૂહૂર્ત નકી કર્યું.રામનો ઓરમાઈ ભાઈ સુમિત્રાનો પુત્ર લક્ષ્મણ જે રામની સાથે હમેશાં રહેતો હતો તે પણ આ વાત સાંભળી ઘણો ખુશી થયો. રામના બીજા બે ઓરમાઈ ભાઈ ભરત અને શત્રુઘ્ન આ અરસામાં મોસાળ ગએલા હતા, પણ તેમની માતા કેકૈ અયોધ્યામાં હતી. રામને કાલે ગાદી મળશે, એ વાત બધા નગરમાં ફેલાઈ, તે મંથ્રા નામની કૈકૈની ખાનગી દાસી હતી તેણે સાંભળી. તે દાસી નીચ સ્વભાવની અને અદેખી હતી, તેથી તેણે કૈકૈનું મન ભમાવ્યું અને તેના પુત્ર ભરતને ગાદી મળે એવો પ્રયત્ન કરવાને ઉશ્કેરણી આપી. રામને પટ્ટાભિષેક કરવાના દિવસની પહેલાંની રાત્રીએ જ્યારે દશરથરાજા કૈકૈના મહેલમાં ગયા ત્યારે તે રાણીએ પાખંડ રચ્યું. મહા ક્રોધે ભરાયલી તે રાણી ઘરેણાં ગાંઠાં કાઢી નાંખી રીસાઇને જમીનપર પડી લોચવા લાગી. તે જોઈ દશરથરાજાએ તેને તેમ કરવાનું કારણ પૂછ્યું, ત્યારે તોબરા જેવડું મોઢું કરી બરબડવા લાગી કે, તમે વૃશપર્વા દૈત્યની સાથે યુદ્ધ કરવા ગયા તે વારે હું તમારી સાથે હતી; ત્યાં યુદ્ધ કરતાં તમારા રથની ધરી ભાગી ત્યારે ધરીની જગોએ તરત મેં મારો હાથ ઘાલી રથને ટકાવ્યો હતો, તેના બદલામાં હું જે માગું તે આપવા તમે મારી સાથે બંધાએલા છો તે આજ સુધી મને આપ્યું નથી તો હવે તમારે મારૂં શું કામ છે ? મારા કરતાં વધારે વહાલી બીજી ઘણીએ

છે, તેમને ત્યાં જવું મૂકી અહિં આવવું તમને ઘટતું નથી. કૈકેનું કપટ વચન સાંભળી દશરથ રાજા કહેવા લાગ્યા કે, તું પ્રાણ કરતાં પણ મને ઘણીજ પ્યારી છે; ઊઠ, તારી ઇચ્છામાં આવે તે માગી લે, તું જે માગીશ તે હું તને આપીશ. તે સાંભળી કૈકે ઝડપ બેઠી થઈ અને કહેવા લાગી કે, જો સૂર્યવંશમાં ઉત્પન્ન થયા હો અને સત્યવાદી હો તો ભરતને રાજ્યગાદી આપો અને રામને ચૌદ વર્ષ સૂધી કોઈ વનમાં મોકલો. આવી નિર્દય અને ક્રૂર વાણી સાંભળી દશરથ બેભાન થઈ પૃથ્વી ઉપર પડ્યા. દુઃખી રાજાને સત્યના ભયથી બોલવાનો કંઈ અવકાશ ન રહ્યો. પોતાના સ્વાર્થમાં આંધળી થએલી સ્ત્રીઓ ધણી, માબાપ, સગાં વહાલાં વગેરે કોઇનું સુખ ન સહાતાં માત્ર પોતાનું ભલું કરવાને ઇચ્છે છે. પણ એવું સાહસ કરવાથી તેમને સુખ મળતું નથી પરંતુ ઉલટી લોકમાં આબરૂ ઘટેછે. તેવી નાદાન સ્ત્રીઓનો વિશ્વાસ સારા ડાહ્યા માણસો કરતા નથી. કૈકેએ રાજાપાસે માગેલા વરદાનની વાત સવારમાં રામના જાણવામાં આવી, ત્યારે તે સત્યધર્મપાલક યુવરાજે ઓરમાન માતા ઉપર કંઈ પણ દ્વેષ ન લાવતાં પોતાના આક્રંદ કરતા પડેલા પિતા પાસે જઈ પ્રણામ કર્યા અને તેમનું વચન મિથ્યા ના જાય માટે વનમાં જવાની આજ્ઞા માગી. ત્યાંથી પોતાની માતા કૌશલ્યા પાસે આવી સઘળો હેવાલ નિવેદન કર્યો અને તેની પણ રજા માગી. કૌશલ્યાએ ઘણો કંકાસ કરવા માંડ્યો, તોપણ પિતાનું વચન પાળવા સારૂ કશું નહિ ગણકારતાં, પોતાની વહાલી અને પતિવ્રતા સ્ત્રી સિતાની પાસે આવી કહેવા લાગ્યા, કે હે પ્રિયે ! માતા પિતાનો મને વનમાં મોકલવાનો હૂકમ થયોછે, માટે રજા આપ. હું ચૌદ વર્ષ વનમાં રહી ઉતાવળો પાછો આવીશ; ત્યાંસૂધી મારી સઘળી માતાઓને સમાન માની સૌની સેવા કરજે. રામનાં વચન સાંભળી પોતાની ઓરમાન સાસુ કૈકે ઉપર જરાપણ માઠું ન લગાડતાં સિતા કહેવા લાગી કે, પ્રાણનાથ ! આપની આજ્ઞાને ઉલ્લંઘન કરવા હું લાયક નથી, પરન્તુ કરગરીને કહુંછું કે પરણતી વેળા જે વખતે મેં આપનો હાથ ઝાલ્યો તેજ વખતે સૂર્ય, અગ્નિ, તથા બ્રાહ્મણોના દેખતાં પ્રતિજ્ઞા લીધી છે કે આપનાં સુઃખ અને દુઃખમાં મારો સરખો હક છે. અયોધ્યાના રાજ્યવૈભવની અને માતા પિતા વગેરે કુટુંબ સંબંધીના સુખની ઇચ્છા ન કરતાં,

પોતાના કુળમાં લાંચ્છન ન લાગે માટે આપ પિતાનું વચન સત્ય કરવાને વનમાં જવા તૈયાર થયાંછો અને મને અધર્મમાં નાંખવા ચાહોછો ? ! ! ના,ના, તમે એમ કરોજ નહિ. આપની સેવા બજાવતાં મારી કંઈ ભૂલ થએલી હશે માટે આપ મને દૂર કરવાને ઇચ્છોછો ! ! આપના વિના આ રાજ્યાદિક સુખ મારે શા ઉપયોગનું છે ? મને વનમાં સાથે તેડવાની આજ્ઞા ન હોય તો તમારાથી વિયોગી આ પાપી દેહને રાખવાને હું ઇચ્છતી નથી, વેળાસર પ્રાણરહિત કરવો ઘટેછે ! ! સિતાનું નરમ બોલવું સાંભળી રામનું હૈયું ઓચિંતું ભરાઈ આવ્યું અને ગદ ગદ કંઠે કહેવા લાગ્યા કે, અરે ! મારી વહાલી ! કોઈ દિવસ તું ઘરમાંથી બહાર નીકળી નથી અને સૂર્યનો પરિપૂર્ણ પ્રકાશ કદી તારા ઉપર પડયો નથી, તે તું ટાઢ, તડકો અને વરસાદ સહન કરતી કરતી, કોમળ અડવાણા પગે કાંકરા અને કાંટામાં શી રીતે ચાલી શકીશ ? સિતાએ કહ્યું, સ્વામિનાથ ! કંઈ ફિકર નહિ. તમારા શરીર વડે આ શરીર સુકુમાર જણાયછે; માટે જ્યાં આપનું શરીર હોય ત્યાંજ આ શરીરને રહેવામાં કલ્યાણ છે. સિતાનાં મનવેધક ધર્મયુક્ત વચન સાંભળી રામચંદ્રે તેને પોતાની સાથે લીધી. લક્ષ્મણે પણ આ ટાણે ખરો ભ્રાતૃભાવ બજાવ્યો. મહા કલ્પાંત કરીને તે પણ રામની સાથે વનમાં જવાને તૈયાર થયો. રામ, લક્ષ્મણ અને સિતા અયોધ્યામાંથી નીકળ્યાં તે વખતે આખા નગરમાં હાહાકાર વર્તાયો. સઘળા લોકો કેકેને નીચ કહી ધિક્કારવા લાગ્યા. થોડા વખતમાં રામ, લક્ષ્મણ અને સિતા ચિત્રકુટના ડુંગરોમાં આવીને રહ્યાં. રામના વિયોગથી દશરથનું મોત થયું. આ વાત ભરત અને શત્રુઘ્ને જાણી એટલે તરત તે બંને ભાઈ અયોધ્યામાં આવ્યા. દશરથનું મોત, રામનું વનમાં જવું અને નગરની પ્રજાની ઉદાસી, એ બધાનું કારણ પોતાની માતા કેકેને જાણી ભરતે તેને ઘણો ઠપકો દીધો. પછી કૌશલ્યાની આસના વાસના કરી, તથા પિતાને અગ્નિસંસ્કાર કરી કેટલાક પ્રધાનોને સાથે લઈ ભરતજી રામને પાછા વાળવા ચિત્રકુટમાં આવ્યા. ઘણી આજીજી કરી પણ રામ પાછા ન વળ્યા; તેથી છેવટે નિરાશ થઈ ભરતે "અયોધ્યામાં પેસવું નહિ" એવી પ્રતિજ્ઞા લીધી અને રામને પાછા આવવાની વાટ જોતો નંદી ગામમાં તપસ્વી વેષે રહ્યો. પછી શત્રુઘ્ને પાછા જઈ અયોધ્યાની રાજગાદીનો કારભાર ચલાવવા માંડયો.

ભરતના જવા પછી રામે વિચાર્યું કે આ જગો અયોધ્યાની નજીક છે, માટે ભરત વારે વારે આવી મને પાછો વાળવાનો પ્રયત્ન કરશે. વળી મારા મનમાં જે જગપ્રસિદ્ધ થવાના વિચારો છે તે આમ એક જગોએ બેસી રહેવાથી પાર નહિ પડે પણ ઉલટાં વિઘ્ન નડશે. એમ ધારી સિતા તથા લક્ષ્મણ સહિત દક્ષિણ દિશાને મારગે રામ ચાલી નીકળ્યા. મારગમાં જેઓ લૂંટફાટ કરતા હતા તેમનો પરાજય કરતા કરતા થોડી મુદ્દતમાં તે અત્રિ નામના એક પવિત્ર ઋષિના આશ્રમમાં આવી પહોચ્યા. તે ઋષિએ રામની પરોણાગત ઘણી સારી રીતે કરી. ઋષિપત્નિ અનસૂયા પતિવ્રતા હતી. તેણે સિતાને નાની વયમાં પતિની સાથે વનમાં નીકળેલી જોઈ, વગડામાં સ્વામીની સાથે વર્તવાના કેટલાએક ધર્મનો ઉપદેશ કર્યો અને વનકળ [1]વસ્ત્ર બક્ષીસ આપ્યાં, તે સિતાએ રામની આજ્ઞા લઈ સ્વીકાર્યાં. અત્રિ અને અનસૂયાની સલાહ લઈ, રામે દક્ષિણમાં ગોદાવરી નદીના કાંઠા ઉપરના પહાડી દેશમાં રહેવાનો નિશ્ચય કર્યો. જે વનમાં રામચંદ્રજી રહ્યા તેને [2]પંચવટી એ નામથી લોકો ઓળખે છે. હિંદુસ્તાનના દક્ષિણ અને ઉત્તર ભાગનું મધ્યસ્થળ ધારી રામચંદ્રજી ત્યાં રહ્યા.

વૈભવાદિક સુખ સમયે સ્વામીની સાથે ભાગ લે એવી અનેક સ્ત્રીઓ દુનિઆમાં મળી આવશે, પણ સંકટ સમયે સાથે રહે એવી સિતા સરખી સતિ સ્ત્રીઓ જવલ્લે જડશે. જ્યાંસુધી સ્વામી પૈસે ટકે અને શરીરે સુખી હોયછે ત્યાંસુધી ગૃહસ્થાશ્રમનો નિભાવ કરવો એમાં સ્ત્રીએ પોતાના પતિને માઠું ન લાગે એવી રીતે સદાચરણથી વર્તવું સહેલું છે, પણ સંકટ સમયે ધીરજ આપી તેના દુઃખમાં ભાગ લેવો અથવા અકળાએલા સ્વામીને સુવિચારો બતાવી તેને દુઃખમાંથી છોડાવવાના ઉપાયો યોજવા એ કામ ઘણું કઠણ છે. કેટલીએક ઉદ્ધત સ્વભાવની જુવાન સ્ત્રીઓ અજ્ઞાનતાને લીધે પતિ એટલે કોણ અને તેનો સ્ત્રીની સાથે કેવો સંબંધ જોડાએલો છે, એજ પ્રથમ જાણતી નથી, તો પછી તેની સાથે શી રીતે વર્તવું એ વાતનો વિચાર તેમના મનમાં ક્યાંથી આવે? પતિ

૧ ઝાડની છાલનાં કપડાં. ૨ હાલના નાશિક શહેરની પાસે ગોદાવરીને સામેપાર પાંચ વડ જે જગોએ છે તેને પંચવટી કહેછે. તેની પાસે સિતાની ગુફા છે અને ત્યાંથી આશરે એક મૈલ દૂરના સ્થળને તપોવન કહેછે.

એ સંસ્કૃતભાષાનો શબ્દ છે. એનો અર્થ રક્ષણ કરનાર અથવા પાલણ કરનાર એવો થાયછે. નિયન્તાએ આ જગત્‌માં સ્ત્રી અને પુરૂષ એવી બે જાતો ઉત્પન્ન કરેલી છે. સંસારનું સુખ નિર્વિઘ્ન ભોગવવાને એ બેઉને અન્યોઅન્ય સરખી જરૂર છે. એકલા પુરૂષોથી જગત્‌નો વ્યવહાર નભે નહિ, તેમ એકલી સ્ત્રીઓ પણ કંઇજ ઉપયોગની નથી; સૃષ્ટિનું બંધારણ બેઉના ઉપર સમાન આધાર રાખેછે. સ્ત્રી પુરૂષોએ એમ ન સમજવું કે કેવળ પ્રજોત્પત્તિ કરવી એટલોજ સ્ત્રી પુરૂષોને અન્યોઅન્ય સ્વાર્થ છે; પ્રજોત્પાદન કર્મ તો પશ્વાદિક બીજાં પ્રાણીઓ પણ કરી શકેછે. સ્ત્રીના પુરૂષ પ્રત્યે શા ધર્મ છે અને પુરૂષના સ્ત્રી પ્રત્યે શા ધર્મ છે, એ સમજાય તોજ આ દુનિઆમાં સુખી થવાયછે. કેટલાક પુરૂષો એમ સમજેછે કે, સ્ત્રી એ અધમજાતિ છે, આપણે તો મરદ છીએ માટે એના કર્તાં ઉત્તમ છીએ; આપણે તેના ધણી એટલે મુખ્ત્યાર છીએ. આપણે ચાહ્ય તેમ કરવા સ્વતંત્ર છીએ, સ્ત્રી આપણી તાબેદાર છે માટે આપણે જેમ તેના ઊપર જૂલમ ગુજારીએ તેમ તે સહન કરવાને યોગ્ય છે. આમ સમજવું એ કેવળ મૂર્ખાઇનું લક્ષણ છે. તમે સ્ત્રીના ધણી થયા એટલે જેમ ગાયો ભેંશોના અથવા બીજાં મુગાં પ્રાણીના ધણી કહેવાયછે તેવા નહિ, પણ જૂદાજ પ્રકારના ધણી થાઓછો. જે જ્ઞાનના આશ્રયથી આપણે બીજાં પ્રાણીથી ઉત્તમ ગણાઇએ છીએ એ જ્ઞાનરૂપી બીજ મનુષ્ય વર્ગમાં સ્ત્રી અને પુરૂષોમાં ઇશ્વરે સમાન મૂકેલું છે; કેળવાએલું જ્ઞાન બેઉ વર્ગમાં સરખો ફાયદો આપેછે. માત્ર સ્ત્રીની યોગ્યતા અને પુરૂષની યોગ્યતામાં કંઇક તફાવત છે. તે તફાવતનું મુખ્ય કારણ સ્ત્રીની સ્વાભાવિક નાજુકી અને કોમળતા છે. સ્ત્રીએ દરેક કામમાં પુરૂષની સાહ્યતા લઈ આગળ પડવું એજ એને સુખરૂપ થાયછે, કેમકે દરેક મોટા કામમાં એને પુરૂષની અપેક્ષા છે. સ્ત્રી એ ક્ષેત્રરૂપ છે અને પુરૂષ તે ક્ષેત્રને ફલદ્રૂપ કરનાર તથા તેનું રક્ષણ કરનાર બેડુતરૂપ છે. અમુક પુરૂષની આ અમુક સ્ત્રી અને અમુક સ્ત્રીનો આ અમુક પતિ, એમ એક એકનો આશ્રય લઈ વર્તવું એ સ્ત્રી પુરૂષ બંનેનો મુખ્ય ધર્મ છે. સંસારનાં સુખ ભોગવવામાં બેઉને સરખો આનંદ છે, પણ ગર્ભધારણાદિક દુઃખ અને બાળક ઉછેરવાનો બોજો ઇશ્વરે સ્ત્રીને માથે નાંખ્યો છે. એની આકૃતિ જોતાં

સ્પષ્ટ સમજાયછે કે પુરૂષની દેખરેખ નીચે ઘર કામ અને બીજાં થોડા જોખમનાં સંસારી કામ કરવાની એની યોગ્યતા છે. *કેટલીક સ્ત્રીઓના શરીરનો બાંધો અને વિચારશક્તિ પુરૂષના પ્રમાણે દ્રઢ થાયછે, પણ તે ઘણી મુદ્દત સૂધી અચળ રહી શકતા નથી અને રહેછે તો ક્વચિત્; માટે સ્ત્રીએ પુરૂષથી કેવળ સ્વતંત્ર રીતે ન વર્તતાં તેના દિલોજાન અને સહગામી મિત્ર તરીકે તેની દેખરેખ નીચે યોગ્ય માન મર્તબાથી રહી નિર્વિઘ્ને સંસારયાત્રા પૂરી કરવી એ સર્વોત્કષ્ટ છે. સ્ત્રી એ પુરૂષનો એકાન્ત મિત્ર છે. તેઓ એક બીજાના સુખદુઃખમાં ભાગ લેવાને સરખાં યોગ્ય છે. લગ્ન સમયે પોતપોતાના ધર્મશાસ્ત્ર પ્રમાણે સ્ત્રી પુરૂષની વચ્ચે જે વાચિક કોલકરાર થાયછે, તે પાળવા એ દરેક સ્ત્રી પુરૂષનું કર્તવ્ય છે. જો તે પ્રમાણે ન વર્તાય તો એમનો આ લોક અને પરલોક બેઉ બગડેછે. જો કે સિતા આ વખતે નાની ઉમ્મરની હતી, તોપણ તેણે પતિ એજ મારૂં જીવન અને મારા જન્મપર્યન્ત સુખનો આધાર એના સિવાય બીજું કોઈ નથી એમ જાણી પોતાનો પતિવ્રત્ત ધર્મ ખરેખરો બજાવ્યો.

કેટલાંક વર્ષ સૂધી રામ લક્ષ્મણ અને સિતા પંચવટીમાં એક જગો ઉપર ઝૂંપડી બાંધીને રહ્યાં. એ વખતે હિંદુસ્તાનના દક્ષિણ ભાગમાં નાનાં નાનાં રાજ્યો ઘણાં હતાં. મુખ્ય રાજ્ય સિંહલદ્વિપ (લંકા) નામનો ટાપુ જે રામેશ્વરથી દક્ષિણ તરફ સમુદ્રમાં છે, તેમાં રાવણ નામના રાક્ષસ રાજાનું ગણાતું હતું. તેની સત્તા નીચે રહી ઘણાખરા રાજાઓ ખંડણી આપતા હતા. છેક ગોદાવરી નદીના દક્ષિણકાંઠા ઉપર રાવણે વીસ હજાર રાક્ષસોની છાવણી રાખી હતી. તેનો અધિકાર પોતાની બેન સુર્પણખાને તથા ખર દુઃખર નામના રાક્ષસોને સોંપ્યો હતો. એક વખત એવો બનાવ બન્યો કે, સુર્પણખા ગોદાવરીના કાંઠા ઉપર ફરતી ફરતી રામની ઝૂંપડીની નજીક આવી ચઢી. ત્યાં કદી જોવામાં આવેલા નહિ એવા ઘણાજ ખૂબસુરત આ રાજવંશી રામ લક્ષ્મણને જોઈ તે મોહિત થઈ. પણ તેની પાપી ધારણામાં પાર નહિ

---

* યૂરોપ, અમેરિકાના સુધરેલા દેશની કેટલીક સ્ત્રીઓ હાલ વૈદ્ય, વકીલ વગેરેનાં મહાન્ કામ કરેછે, એટલુંજ નહિ, પણ રાજદ્વારી સભાઓમાં દાખલ થવાની કોશિશ પણ કરેછે. આટલું છતાં બધી સ્ત્રીઓ એવીજ છે કે થશે એમ કહેવાય નહિ.

પડવાથી તથા નાક કાન કપાયાનું તથા બીજું કેટલુંક દુઃખ એમનાથી પોતાને સહન કરવું પડ્યું તેથી, પોતાનું વેર વાળવા માટે કેટલાક રાક્ષસોને સાથે લઈ તે લંકામાં જઈ રાવણને મળી. ભાઈએ તેને નાક કાન કપાયાનું કારણ પૂછ્યું ત્યારે તે બોલી કે, ગોદાવરી નદીના કાંઠા ઉપર કોઈ બે રાજવંશી જુવાનિયાં આવીને રહ્યા છે; તેમની સાથે એક સ્ત્રી છે તે ઘણીજ રૂપાળી અને તારે લાયક છે. હું તારે માટે ત્યાં ગઈ હતી, તેથી મારી આવી દશા થઈ. રાવણ રાજા વિલાસી હતો, માટે એનું ચિત્ત નવી સ્ત્રીમાં લાગ્યું; વળી સુર્પણખાએ પોતાનાં નાક કાન કપાવાથી ઘણો ઉશ્કેર્યો તેથી બેનના અપમાનનો બદલો વાળવાનો પણ તેણે નિશ્ચય કર્યો. બેઉ જણા વનમાં એકલા રહેછે, એમ ધારી રાવણ છાનો ગોદાવરીના ડુંગરી વનમાં છાનોમાનો આવ્યો. એ બેઉ કોણ છે તેની માહિતી મેળવવા રાવણે પોતાનો મામો મારીચિ એ વનમાં રહેતો હતો તેને બોલાવીને પૂછ્યું. મારીચિએ રામ લક્ષ્મણ વિષે સવિસ્તર હકીકત તેને કહી સંભળાવી; તે સાંભળી રાવણે કહ્યું કે, મામા, સિતા નામની જે ઘણીજ રૂપાળી સ્ત્રી એમની સાથે છે, તે મને શી રીતે મળે? ત્યારે મારીચિએ તેની એ દુષ્ટ વાંચ્છનાને ટેકો ન આપતાં નરમાશથી કેટલીક શિખામણ દીધી. પણ સ્વાભિમાનમાં છકેલા મદોન્મત્ત રાવણે તેની શિખામણ ન માનતાં બળાત્કારે આ બદકામમાં તેને સામેલ કર્યો. મારીચિએ મરવાની બીકે તેનું કહેવું કબૂલ કરી એવી તદબીર કરી કે, પોતે ચિત્ર વિચીત્ર સોનેરી રંગનો [1]મૃગ બની સિતાની [2]પરણશાળાની આસપાસના બાગમાં આમથી તેમ ફરવા લાગ્યો. કોઈ દિવસ નહિ દીઠેલો એવો મૃગ જોઈ સિતાનું મન તેમાં લાગ્યું. તે રામને કહેવા લાગી કે, 'પ્રાણનાથ! આ સોનાના [3]વર્ક જેવી ચળકતી ચામડીનો મૃગ તો જુઓ! પરમેશ્વરે આવું સોનાનું પ્રાણી ક્યારે [4]નિર્માણ કર્યું! તમે એને જીવતો પકડી લાવો, હું તેને પાળીશ; અને કદાપિ તેમ ન બને તો એનું ચામડું પણ મને વધારે વ્હાલું છે. રામને પકડવાની મરજી નહોતી, પણ સિતાની વધારે હઠ જોઈ હાથમાં તીરકામઠું લઈને મૃગની પૂંઠે પડ્યા. એક ખેતરમાંથી બીજા ખેતરમાં, એમ દોડતો દોડતો મૃગ ઘણો દૂર ગયો. છેવટે હાથમાં

---

૧ હરણ. ૨ ઝૂંપડી. ૩ સોનાનાં પાનાં. ૪ બનાવ્યું.

ન આવવાથી રામે ધનુષ્ય ઉપર બાણ સાંધી જોરથી તેની ભણી ફેંક્યો, તે તેને મર્મસ્થાનમાં વાગવાથી ભોંય પડી મરણ પામ્યો. રામચંદ્રે પાસે જઈ તપાસી જોયું, તો તે ખોટો મૃગ હતો. રામ મૃગયા કરવા ગયા એવામાં રાવણે ઝાડની ગુફામાં રહી એવું કપટ રચ્યું કે, રામના જેવો સાદ કરી "હે લક્ષ્મણ ધાજે, મારો જીવ જાયછે." એવી કારમી ચીસ પાડી. એ શબ્દ સિતાને કાને પડ્યો એટલે તેને ધીરજ ન રહેવાથી તે લક્ષ્મણને કહેવા લાગી કે, દિયરજી, તમે જલદી જાઓ, તમારા ભાઈને કંઈ સંકટ છે. લક્ષ્મણે તે ચીસ સાંભળી, પરંતુ તે કોઈ માયાવી પુરૂષનું કપટ છે એમ તેને ભાસ્યું; તેથી સિતાએ આગ્રહ કર્યા છતાં તેને એકલી મૂકીને ત્યાંથી જવાની તેણે ના પાડી. પણ આખરે સિતા જ્યારે છેક હાડ ગઈ એટલે નહિ કહેવાનાં પાપિષ્ટ *વચન કહ્યાં, ત્યારે લક્ષ્મણ આંસુ ભરી આંખે ક્રોધ અને દિલગિરી સહિત ત્યાંથી ઊઠ્યો અને પરણકુટીના બારણા આગળ રામનામની આણ દેઈ ધનુષબાણ લેઈ ભાઈ પાસે ગયો. પછી સિતા એકલી રહી, એટલે ઓચિંતો રાવણ ત્યાં આવી સિતાને ઊંચકી દક્ષિણ મારગે ચાલ્યો ગયો. સિતાએ બૂમો તો ઘણીએ પાડી પણ જંગલમાં કોણ સાંભળે ? રાવણ જેવા પ્રચંડ રાક્ષસના વેગથી દોડવાના સપાટામાં સિતા જેવી નાજૂક પદ્મીનિનો ઝીણો સાદ એ વખતે કોને કાને પડે ? વળી ભયથી બેબાકળી થઈ ગઈ તેથી થોડીવાર સૂધી તો તેનાથી બોલી શકાયું પણ નહિ અને એટલામાં રાવણ ઘણે દૂર નિરજન વનમાં ચાલ્યો ગયો. દડમજલ રાવણ સિતાને લઈ લંકામાં પોતાના મહેલમાં આવ્યો. આ વખતે સિતા બેશુદ્ધ થઈ પૃથ્વીપર પડી. થોડી વારે ભાન આવ્યું ત્યારે તે રડવા અને આક્રંદ કરવા લાગી અને લક્ષ્મણને કહેલાં કટુ વચનો યાદ કરી પસ્તાવા લાગી કે, અરેરે ! મારા વ્હાલા પરમ પવિત્ર લક્ષ્મણને મેં નકામો તિરસ્કાર કર્યો ! ! તેનું વાજબી બોલવું મેં ન માન્યું તે પાપનું ફળ મારે ભોગવવું પડશે ! ! અરેરે ! મારા પ્રાણપતિ રામને હવે શું હું નહિ દેખું ! ! હે પ્રભુ ! મારી માઠી હાલત થશે ? !

* સિતાએ લક્ષ્મણને કહ્યું કે "તારા મનમાં એવું હશે કે રામ મરી જાય તો હું સિતાને સ્ત્રી કરીને રાખું ! !" વિનાશકાળે વિપરિત બુદ્ધિ એ કહેવત પ્રમાણે આ વખતે બનેલું જણાય છે.

હું પાપીના ફાંસામાં આવી ફસી ! મારૂં નસીબ આટલેથીજ હલકું થયું શું ?! હું જે રામનો વિયોગ સ્વપ્નામાં પણ થવાને નહોતી ચહાતી, તેને આ કોઈ મહા પાપી આટલે બધે દૂર સૂધી ઘસડી લાવ્યો !! અરે! મારા ક્યિા જન્મનું પાપ આવી નડ્યું ?! અરે પ્રભુ ! મારા પ્રાણપતિ રામચંદ્રજી મારી ખોળ શું નહિ કરે ?!! એમ સિતાને વિલાપ કરતી જોઈ પાપી રાવણે તેને ઘણાં મીઠાં વચનો કહી મન વળાવવાનું કર્યું, અને તેનો શોક ટળી જઈ તે પોતાને સાધ્ય થાય એવો પ્રયત્ન કરવા માંડ્યો. તે કહેવા લાગ્યો કે, સિતા ! મેં તને રામનો વિયોગ કરાવ્યો, તેથી તારા મનમાં માઠું તો ઘણું લાગ્યું હશે; પણ જો તું ઊંડો વિચાર કરીશ, તો તને માલૂમ પડશે કે તું દુઃખમાંથી છૂટી. ઇશ્વરે કૃપા કરીને તને નાજુક દેહ અને અલૌકિક સ્વરૂપ બક્ષ્યું તેનો સારો ઉપયોગ ન કરતાં જાળાં જાંખરાંમાં રઝળવાથી તું પરમેશ્વરની પાકી ગુનેગાર નહિ થાત ? જો રામ તારૂં સારૂં ચહાતો હોય, તો તે તને વગડામાં અડવાણી ફેરવે ? જો તેનામાં રાજ્ય કરવાની સત્તા હોય તો જંગલમાં શા માટે રખડવું પડે ? રામનામાં કંઇજ પુરૂષાર્થ મને લાગતું નથી. તારા જેવી સુરૂપા, ડાહી અને ગુણવાન સ્ત્રી તેના જેવા રઝળતા અને નામખોળુ ક્ષત્રિને વળગી રહે, એશું અજાએબ જેવું ન કહેવાય ?? તું શું રામને લાયક છે ? ના, કદિ નહિ. ઘણા દિવસથી રામની સાથે રહેલી છે તેથી તેની પ્રીતિ એકદમ તો તારા મનમાંથી નહિ ખસે; તથાપિ રાજા રાવણનો આ લંકાનો વૈભવ, એવી નજીવી બાબતને તારા મનમાંથી જલદી ખસેડી નાંખશે. સિતા ! જો તું સમજે તો મેં તને દુઃખમાંથી છોડવી તારા ઉપર ઉપકાર કર્યો છે. તું કશી ફિકર કરીશ નહિ. ચારસેં ગાઉનો સમુદ્ર ઓળંગીને રામ કદી લંકામાં આવી શકશે નહિ. હું તારાપર એટલો આશક છું કે મારી સઘળી રાણીઓતો શું, પણ પટરાણી મંદોદરીનેએ તારી સેવામાં દાસી તરીકે રાખીશ. ખરેખર ! તારા ભાગ્યોદયનો પાર નથી. નિર્લજ્જ અને મદાંધ રાવણનાં એવાં દુષ્ટ અંગારા જેવાં વચન સાંભળી સિતાનું શરિર અંગુઠાથી માંથા સૂધી બળવા લાગ્યું. સતિ ગભરાવા લાગી અને ઇશ્વરને યાદ કરી કહેવા લાગી કે મારા માથા ઉપર ઓચિંતો મેરૂ કેમ તૂટી પડ્યો ?! માતા પૃથ્વી! તું તારૂં પેટ ફાડી મને અંદર કેમ શમાવી દેતી નથી ? અરે ! શું હું આ દુષ્ટનાં

વજ્ર જેવાં વચન સહન કરીશ? શું મારૂં શીલ ભાગશે? ના, ના, કદી એ-મ બનશે નહિ; મને હરિ લાવનાર દુષ્ટ દુરાચારીનો કુળ સુદ્ધાં પ્રભુ પ-રાજય અને નાશ કરશેજ; માટે મારે હમણાં ધીરજ રાખી ઘટતા ઉપા-યો લેવાની જરૂર છે. મારા સ્વામીના ખોળીઆમાં પ્રાણ હશે ત્યાંસુધી એ મને ખોળી કાઢવાનો પ્રયત્ન કર્યાવિના રહેશે નહિ. મારા પાતિવ્રત્ય વિષે એમને પક્કી ખાતરી છે. એ પ્રમાણે વિચાર કરી તથા હિમત રાખી નિર્ભયપણે સિતા રાવણ પ્રત્યે બોલી, અરે પાપી ! પૃથ્વીપતિ થઇને નાદાનના જેવાં નફટ વચન બોલતાં તારી જીભે કાંટા નથી વાગતા !! તારા પાપી મને તને રાજધર્મ ભૂલાવી કુકર્મ કરાવી ચાંડાલ કરતાં પણ નીચ કરી નાંખ્યોછે.જરા વિચાર કરી તપાસી જો કે પરસ્ત્રી ઉપર કુદૃષ્ટિ કરવા સમાન મહા પાપ બીજું કિયું છે ? પોતા માટે નિમાયલી ઉત્તમ વસ્તુ-નો તિરસ્કાર કરી, જે ઉપર આપણો હક નથી તેવી પારકી વસ્તુનો બ-ળાત્કારે ઉપભોગ કરવાથી શું પરમેશ્વર નારાજી નહિ થાય? અલબત થ-શેજ. હે મૂઢ! વિચારી જો કે કોઈ સ્ત્રી અથવા પુરૂપ દુરાચારી થવાથી પરિણામે સુખ પામ્યાછે? એ પાપાચરણથી શરીરનો, દ્રવ્યનો અને યશનો નાશ થાયછે એટલુંજ નહિ, પણ બુદ્ધિ ભ્રષ્ટ થવાથી નીતિના નિયમો ભૂ-લી જવાયછે, સૃષ્ટિ વિરૂદ્ધ કુકર્મો થઈ જાયછે અને માઠી દશા ભોગવી હડકાયા કૂતરાની માફક કમોતે મરવું પડેછે.નિયમિત મનુષ્યોના સદાચરણને ભંગ કરનાર તથા એવું નઠારૂં કર્મ કરવાને સલાહ અને સહાય આપનાર પરમેશ્વરનો પાકો ગુન્હેગાર થાયછે. વ્યભિચારી દુષ્ટ પુરૂષો પોતાની પુત્રી, બેન, ભાઇભાંડુ વગેરેની કંઇજ મર્યાદા ગણતા નથી; પછી પશુમાં અને તેઓમાં શો ફેર ? હે દુષ્ટ ! તારો વૈભવ ગમે તેટલો હશે પરંતુ સત્યવાદી રામના નામ આગળ તે કશા લેખામાં નથી. સોનાની શળીઓવાળા ર-ત્નજડીત પાંજરામાં કાગડાને પૂર્યો, માટે શું તે માનસરોવર ઉપર બેસનાર હંસની બરોબર થઈ શકશે ? ના કદી નહિં. રામની ગેરહાજરીમાં ચોરી કરી મને અહિંયાં ઊચકી લાવ્યો તેમાં તેં શું પુરૂષાર્થ કર્યું ? જો જીવવાની આશા રાખતો હોય, તો જેવી રીતે મને આટલે દૂર લાવ્યો, તેવીજ રીતે પંચવટીમાં રામની નજીક જલદી પહોંચાડી દે, નહિતો તારા બૂરા હાલ થશે. સિતાનાં વચન સાંભળી રાવણને હસવું આવ્યું. તે બોલ્યો, અરે સિતા ! તારાં વચન ઉપર મને એટલો બધો રોષ આવે છે કે હમણાં તારૂં માથું મારી તરવારવડે ધડથી વિયોગવાળું કરૂં; પણ લાચાર છું કે

તારી નાજુકી મારા જુસ્સાને છેક ઠંડા પાડી દઈ નાકૌવત કરી નાંખેછે. ધમકી આપી જરા પાસે જવું એ ઠીક છે, એમ ધારી રાવણ સિતા ભણી ધસારો કરેછે, એવામાં સતિની આંખ લાલચોળ થઈ ગઈ. ભયંકર અવાજથી સિતા તેને કહેવા લાગી કે, ખબડદાર, હવે જો આ શરીરનો સ્પર્શ કરીશ તો બળીને ભસ્મ થઈ જઈશ. સતિનો કોપ જોઈ રાવણ ડર્યો. એણે જાણ્યું કે આમ બળાત્કાર કરવામાં કંઈ માલ નથી. એ સ્ત્રીજાતિ છે તેથી હમણાં હઠ નહિ મૂકે; થોડા દિવસ પછી જેમ જેમ વિસારો પડતો જશે, તેમ તેમ મારૂં કહ્યું કરશે. એમ ધારી કેટલીક શીખવી રાખેલી રાક્ષસીઓની ચોકી સાથે સિતાને અશોકવાડીમાં મોકલી દીધી. પછી તે રાક્ષસીઓ સિતાનું મન ફેરવવાને અનેક યુક્તિયો કરવા લાગી, પણ તે સઘળી નિષ્ફળ ગઈ. સતિ સિતા મોમાંથી રામ સિવાય બીજો ઉચ્ચાર કરતાજ નથી. તે ધીરજ રાખી એક નિષ્ઠાથી માત્ર ના ચાલે ઉદરપોષણ કરી, પોતાના પતિ પ્રભુને મળવાની વાટ જોયા કરેછે. સમજુ મનુષ્યોને માથે ગમે તેટલું સંકટ આવી પડે, તોપણ તેઓ કંટાળો ન આણતાં એક નિષ્ઠાથી સર્વ સહન કરેછે; પછી પરમેશ્વર તેની સહાય કર્યા વિના રહેતો નથી. સિતાનો પતિ ઉપરનો અચળ પ્રેમ જોઈ ચોકી કરનારી સઘળી રાક્ષસીઓ વિસ્મય પામી. વળી સિતાએ તેમને તેમના પતિની સાથે દૃઢ મમતા અને નિર્મળ પ્રેમભાવથી વર્તવાનો ઉપદેશ કર્યો. ધન્ય છે સિતા સતિને, કે જેણે પ્રાણસંકટ આવી પડયું તોપણ પોતાના પતિને બિલકુલ વિસાર્યો નહિ. એના પવિત્ર પતિ-પ્રેમની અવધિ, અવધિ, અવધિ!! ધન્ય છે એના જીવતરને, એનાં માતપિતાને, અને એના ઉપદેશક ગુરૂને !! સ્વદેશી બેનો ! તમે એવાં પતિવ્રતા અને યશસ્વી નીવડી આપણા આર્યાવર્તને દીપાવવાને ભાગ્યશાળી થાઓ. સિતા જેવું ઉત્તમ ઉદાહરણ બીજું નહિ મળે.

સિતાની દૃઢ મમતા સ્વામીની સાથે ખરા અન્તઃકરણથી બંધાએલી તે આટલા દુઃખના ફાંસામાં આવ્યા છતાં છૂટી નહિ, એ સ્તુતિપાત્ર છે; તોપણ, જે નકામી હઠે એના પ્રાણપતિ રામચંદ્રજીનો વિયોગ કરાવ્યો, અને સમુદ્રપાર ઘસરડી જઈ, દુષ્ટાચરણવાળા ક્રૂર રાક્ષસના ફાંસામાં ઝીકાવી, તેવી હઠ કર્યા માટે આપણે તેનો દોષ કાઢીશું. જે સ્ત્રી પોતાના સદ્ગુણી સ્વામીના સત્ય વિચારોને અનુસરતી નથી તે પરિણામે દુઃખી થાયછે, એટલુંજ નહિ, પણ તેના દુરાગ્રહને લીધે તેના પતિને અમુક કામ કરવાની

મરજી નહિ છતાં પ્રેમબદ્ધ પ્રિયાનું મન મનાવવા બળાત્કારે તે કરવાની જરૂર પડેછે, અને તેમાં ફળની પ્રાપ્તિ ન થતાં અણધારી પીડાઓ ભોગવવી પડેછે. કંઈ પણ કામ કરવામાં ફાયદો છે કે નુકસાન એ બાબતનો લાંબો વિચાર ન પહોચે તો તેમાં જેમ પોતાનો સ્વામી અભિપ્રાય આપે તેમ વર્તવું એ સ્ત્રીઓને સુખકારક છે. મૃગયા કરવી એ ક્ષત્રીનો ધર્મ છે, એ બાબતમાં સિતાની ઘણી હઠ ન ગણાય; પરંતુ જે મૃગ મારી લાવવાનો તેણે અત્યાગ્રહ કર્યો તે કોઈ કારમો માયાવી-બનાવટનો-કપટરૂપ-છે અને તેને હણતાં હાણ થશે એમ રામે સમજાવ્યા છતાં તેણે પોતાની હઠ છોડી નહિ એ સિતા જેવી સમજુ અને પતિવ્રતા સ્ત્રી-રત્નને ઘટારત નહોતું. આપણે ઉપર જોયું કે એજ મૃગ સિતાને અને રામને દુઃખનું મૂળ થઈ પડયો. ઉપરના ભપકાથી ભૂલાવો ખાતા પહેલાં ખૂબ વિચાર કરવો.

મૃગયા કરીને રામ લક્ષ્મણ પંચવટીમાં આવ્યા અને ઝૂંપડીમાં તપાસી જોયું તો સિતાને ન દીઠી ત્યારે રામ ગભરાટથી રડવા લાગ્યા. લક્ષ્મણે રામનો અસાધારણ શોક જોઈ ધીરજ આપી અને બેઉ ભાઈ સિતાના શોધ માટે આખા વનમાં આમથી તેમ ફરવા લાગ્યા. એવામાં ખબર મળી કે કોઈ પ્રચંડ દુષ્ટ રાક્ષસ એક હૈયાફાટ રડતી સ્ત્રીને ઊચકીને દક્ષિણદિશા ભણી ચાલ્યો ગયોછે. આથી રામ લક્ષ્મણ તે માર્ગે શોધ કરતા કરતા ઋષિમુખ પર્વતની તલેટીમાં પંપાસરોવરની નજીક આવી ચડ્યા. ત્યાં તેમને હનુમાન નામે બળવાન વાનર મળ્યો, તેને પોતાની સવિસ્તર હકીકત જણાવી. પછી રામે હનુમાનને આ વનમાં ફરવાનું કારણ પૂછ્યું; ત્યારે તે કહેવા લાગ્યો કે, અહિંથી થોડે છેટે આ પર્વત ઉપર કિષ્કંધા નામે અમારા વાનરોનું મોટું નગર છે. તેમાં વાળી નામનો અમારી જાતનો રાજા રાજ્ય કરે છે. એ વાળીના ભાઈ સુગ્રિવ રાજ-ભાગની તકરારને લીધે પોતાના ભાઇની સાથે લડી હારીને બહારવટે નીકળ્યો છે, તે આ ઋષિમુખ પર્વતની ખીણમાં સંતાઇને છાનો રહેછે. એ સુગ્રિવનો હું મુખ્ય પ્રધાન છું અને મારૂં નામ હનુમાન છે. વાતચીત ઉપરથી રામના સમજવામાં આવ્યું કે હનુમાન ઘણો બળવાન્, બુદ્ધિવાન્, અને ખટપટીયો છે; તેથી તેમણે તેને કહ્યું કે અમે પણ તારા રાજાની પેઠે દુખાયા રાજપૂત્ર છીએ. માટે જો તું અમને તેની પાસે તેડી જાય તો આપણે ખુલાસા

સાથે વાતચીત કરી એકબીજાનું દુઃખ ટાળવા યોગ્ય ઉપાય કરીએ. હનુમાને ઘણી ખુશીથી તેમનું કહેવું કબૂલ કરી તેમને સુગ્રિવની પાસે લઈ જઈ મુલાકાત કરાવી. રામ લક્ષ્મણ રાજવંશી છે અને ધનુર્વિદ્યામાં ઘણા કુશળ છે એમ જાણી સુગ્રિવે તેમની મિત્રાચારી બાંધી. તે સમયે દક્ષિણ દેશમાં ધનુર્વિદ્યાનો પ્રચાર ઘણોજ ઓછો હતો. તે લોકો પથરા, કાંકરા, અને લાકડીથી સામાસામી લઢતા. રામ લક્ષ્મણને તીર મારવાના કામમાં ઘણા કુશળ જોઈ સઘળા વાનરો તેમને સ્વાધીન થયા, તથા તેમનાથી ડરવા લાગ્યા. રામે પણ તેમના ઉપર પોતાનો દાબ પાડવામાં કાંઈ કસર રાખી નહિ. રામની સાહ્યતાથી સુગ્રિવે વાળીની સાથે યુદ્ધ મચાવ્યું. આ લઢાઈમાં રામે ઝાડને ઓઠે છૂપા રહી ધનુષ્ય ઉપર ચઢાવેલું બાણ ઓચિંતું વાળીના ઉપર ફેંક્યું, તે તેના મર્મસ્થાનમાં વાગવાથી તમ્મર આઈ ઝટ ભોંય ઉપર પડી થોડીવારે મરણ પામ્યો. વાળીએ મરતાં મરતાં, ક્ષત્રીપુત્રને નહિ છાજતા આપસ્વાર્થ સારૂ રામે કરેલા કપટને માટે તેમને ન્યાયપૂર્વક ઘણો ઠપકો દીધો. પછી કિષ્કંધાનું સઘળું રાજ્ય, વાળીની સ્ત્રી તારા તથા તેનો પુત્ર અંગદ એ સર્વ સુગ્રિવને તાબે થયાં. રામની આજ્ઞાથી તારાને સુગ્રિવે પોતાની રાણી *કરી. રામની સાહ્યતાથી સુગ્રિવને કિષ્કંધાનું રાજ્ય મળ્યું, તેનો બદલો વાળવા સુગ્રિવે રામની સ્ત્રીની શોધને માટે વાનરોને આજ્ઞા આપી. તેમાં મુખ્ય હનુમાન હતો, તેણે રામની પાસેથી સિતાની ઓળખાણને માટે નિશાની લીધી. થોડી મુદતમાં હનુમાન દક્ષિણ સમુદ્ર તરીને લંકામાં ગયો.

રામનો વિયોગ થયે લગભગ દશ અગીઆર માસ થવા આવ્યા પણ કંઈ પત્તો ન મળ્યો, તેથી સિતાએ અશોકવાડીમાં પોતાનો પ્રાણ ત્યાગ કરવાનો નિશ્ચય કર્યો; અને મધ્ય રાત્રીને સમયે સઘળી ચોકીદાર રાક્ષસીઓ નિદ્રાવશ થએલી જોઈ, ચારે પાસેથી કાષ્ટ એકઠાં કરી બળી

---

* રામે એવો ન્યાય કર્યો કે તારા એ કાંઈ વાળીની સ્ત્રી નથી પણ રાજ્યની પટરાણી છે; માટે તેના પુત્રપૌત્ર સિવાય બીજો જે ગાદીપતિ થાય તેની તે રાણી ગણાય. આ ન્યાય કેટલાક વાનર યોદ્ધાઓને તથા ખુદ તારાને રૂચ્યો નહિ, પણ 'રામ જે કહે તે સત્યજ હોય' એવો ભાવ તેમના મનમાં સજડ થયો હતો તેથી બધાંએ તે માન્ય કર્યો.

મરવાને ચિતા ખડકી, અગ્નિ સળગાવી પરમેશ્વરની પ્રાર્થના કરવા લાગી કે, હે પ્રભુ ! મેં કોઈ જન્મે અઘોર પાપ કર્યાં હશે, તે સિવાય પતિવિયોગનું આવું દુઃખ મને પડે નહિ. મારા કરેલા કર્મની શિક્ષા તેં વાજબી રીતે કરી હશે, માટે હું તારો પાડ માનુંછું; અને મરતાં મરતાં છેવટે એટલી વિનંતિ કરૂંછું કે, હવે પછી હું જ્યાં જન્મું ત્યાં મારા પતિ શ્રી રામચંદ્રજી થાય અને હું તેમની વગર મૂલની દાસી થઈ રહું. મારા પ્રાણાધાર પતિ જ્યાં હોય ત્યાં તેમને આરોગ્ય રાખવા હું મારા ખરા અંતઃકરણથી તારી સ્તુતિ કરૂંછું તે ધ્યાનમાં લેજે। એમ કહી સિતા ચિતામાં પ્રવેશ કરેછે, એટલામાં રામે શોધ કરવા મોકલેલો દૂત હનુમાન જે અત્યાર સુધી એક ઝાડ ઉપર છૂપાઈ રહી આ બધી હકીકત જોતો હતો તે ઝટ તેની પાસે આવ્યો, અને તેને બળી મરતી અટકાવી, રામે પોતાના હાથની જે વીંટી નિશાની તરીકે આપી હતી તે તેના હાથમાં મૂકી. તે વીંટી જોઈ સિતા આશ્ચર્ય પામી. પછી હનુમાને તેના (સિતાના) હરણ થયા પછીથી તે દિવસ સુધીનો સઘળો હેવાલ તેને કહી સંભળાવ્યો, તે સાંભળી સિતાના મનમાં કેટલીક ધીરજ આવી. હનુમાને તેને કહ્યું કે, માતાજી ! કંઈ ફિકર કરશો નહિ. વાનરોનું સૈન્ય લઈ મહારાજા રામચંદ્રજી થોડી મુદ્દતમાં અહિં આવી આપને મળશે. પણ મારા અત્રે આવ્યાની તેમને ખાતરી થવા સારૂ કંઈ એંધાણી લેઈ જવા આપો. તે સાંભળી સિતાએ પોતાના માથાનો મણી તેને કાઢી આપ્યો. હનુમાન જવાને તૈયાર થયો, તેવામાં અશોકવનના રક્ષકોના મનમાં કપટ ભાસવાથી તેને પકડી રાવણને સ્વાધીન કર્યો. રાવણે તેને જીવતાં બાળી મૂકવાની સખ્ત શિક્ષા કરી. એ શિક્ષા અમલમાં આણવાને રાક્ષસોએ તેના શરીર ઉપર તેલમાં બોળેલાં ગોદડાંના વીંટા બાંધી તે સળગાવ્યા. એવામાં લાગ આવવાથી તે કુદીને રાવણના મહેલની અગાસીમાં થઈ છાપરા ઉપર જતો રહ્યો. ત્યાં તેના શરીરે બાંધેલા બંધ બળી જવાથી બળતો વીંટો છાપરે પડવાથી મહેલ સળગી ઊઠ્યો અને હારબંધ ઘર હોવાથી લંકામાં ભયંકર આગ લાગી. રાક્ષસો એ આગ હોલવવાના ગભરાટમાં પડ્યા એવામાં લાગ જોઈ હનુમાન ત્યાંથી નાઠો અને જે રસ્તે આવ્યો હતો તે રસ્તે કિષ્કિંધામાં રામની પાસે આવી પહોંચ્યો. ત્યાં લંકાની સવિસ્તર હકીકત રામને જણાવી સિતાના માથાનો

મણી તેમના હાથમાં મૂકયો. રામે તેને ઘણી સાબાસી આપી. પછી રામના કહેવાથી સુગ્રિવે આસપાસના ડુંગરોમાંથી વાનરી સૈન્ય તૈયાર કર્યું. અને બધા ભેગા થઈ લંકા તરફ રવાને થયા. થોડી મુદ્દતમાં દક્ષિણસમુદ્રને કાંઠે આવી સૈન્યે પડાવ કર્યો. એવામાં રાવણનો ભાઈ વિભીષણ પોતાના ભાઇની સાથે અણબનાવ થવાથી રામને ત્યાં આવીને મળ્યો. રામને જય મેળવવાની આ એક પહેલી જોગવાઈ પરમેશ્વરે હાંસલ કરી. સામેપાર લંકામાં સૈન્ય શી રીતે લઈ જવું, એ વિચારમાં બધા પડ્યા. એવામાં નલ અને નીલ એ નામના બે વાનર ભાઇયોએ એક યુક્તિ શોધી કાઢી. તે એવી કે પાસેના રાનમાંથી ઝાડ, ઝાંખરાં અને પથરા મંગાવી પાણીમાં તરતો પૂલ તૈયાર કર્યો અને તે પૂલ ઉપર થઇને સઘળું સૈન્ય સામે પાર લંકામાં ગયું. લંકાના કિનારાપરના સુવેળ નામે ડુંગર ઉપર પડાવ નાંખી રામે અંગદ નામના બલિષ્ટ વાનરને પોતાના એલચી તરીકે રાવણના દરબારમાં વિષ્ટિ કરવા મોકલ્યો. સિતા પાછી આપવા અંગદે રાવણને ઘણી શિખામણ દીધી, પણ તેણે માન્યું નહિ. આખરે યુદ્ધ જોડાયું; તેમાં રામે રાવણને તેના કુટુંબ સુદ્ધાં મારી જય મેળવ્યો.

પરસ્ત્રીપર કુદૃષ્ટિ કરી તેનું હરણ કરવાથી રાવણ સરખા અતિ પરાક્રમી, વિદ્વાન અને અતિ ધનાઢ્ય રાજાને કૂતરાના મોતે રણમાં મરવું પડ્યું. અને એના તથા એનાસઘળા કુટુંબીઓનાં મૂડદાંને કાગડા, શીઆળ, અને ગીધ જાતનાં પક્ષીઓએ કોતર્યાં. એટલુંજ નહિ, પણ તેમની સાથે સુલોચના સરખી નાજુક અને કોમળ અંગની હજારો અબળાઓને ભરજુવાનીમાં વિના અપરાધે જીવતાં બળીમરવું પડ્યું. લંપટ મનુષ્યોએ શિખામણ લેવા માટે આ એક સરસ ઉદાહરણ છે.

પછી રામે લંકાનું રાજ્ય વિભીષણને આપ્યું; અને રાવણની પટરાણી મંદોદરીને વિભીષણની પટરાણી *બનાવી. અશોકવાડીમાંથી સિતાને

---

*વાળીની સ્ત્રી તારાના સંબંધમાં રામે જેવો ન્યાય કર્યો હતો તેવોજ ન્યાય આ વખતે મંદોદરીને માટે પણ કર્યો. આપણા લોકો જે પાંચ મહાસતિઓ ગણેછે તેમાં રામે એ પ્રમાણે દિયેરવટું કરાવેલી બંને રાણીઓનાં નામ છે, તેથી તે વખતે એ ચાલ ઉત્તમ ગણાતો હશે એમ ધારી શકાયછે. એ પાંચ સતીઓનાં નામ—અહલ્યા, તારા, દ્રૌપદી, સિતા, અને મંદોદરી.

તેડી લાવવા વિભીષણને હૂકમ કર્યો, એટલે તે કેટલાક રાક્ષસોને સાથે લેઈ ત્યાં ગયો અને સિતાને મંગળસ્નાન કરાવી, પાલખીમાં બેસાડી, વાજતે ગાજતે સુવેળુ ઉપર લાવ્યો. સિતા વેગળેથી રામને જોઈ પાલખીમાંથી નીચે ઉતરી; અને દોડતી દોડતી, હર્ષભેર રામના ભણી ધસી. પણ રામે તેને પોતાની પાસે આવતાં અટકાવી કહ્યું કે, પ્રિયા! હું જાણુંછું કે તું સતિ છે; પણ જગતના લોક મારા ઉપર અપવાદ મૂકશે કે રાવણને ઘેર ઘણા દિવસ રહેલી સ્ત્રી રામે અંગીકાર કરી, એવો તે સ્ત્રીજીત છે. માટે સર્વના મનમાં ખાતરી થાય કે તું શુદ્ધ છે એવો ઉપાય તારે કરવો ઘટેછે. રામનાં આવાં વચન સાંભળી સિતાને જરાએ માઠું ન લાગ્યું, અને તે અગ્નિમાં પેસવાને, તૈયાર થઈ. સભામાં બેઠેલા સઘળા જણનાં મોઢાં એથી કરમાઈ ગયાં. પછી બધાના દેખતાં તે સળગતી ચિતાની આરપાર ચાલીને નીકળી §ગઈ. સિતાનું આવું શુદ્ધપણું જોઈ રામસહિત સઘળા સભાજન ઘણા ખુશી થયા. પછી સૌની મર્યાદા છોડી રામ આસન ઉપરથી ઊઠી સિતાને ભેટ્યા, અને સન્માન સહિત પોતાની ડાબી બાજુ તરફ અર્ધે આસને બેસાડી. ચૌદ વર્ષનો અવધિ પૂરો થયો, માટે અયોધ્યામાં સઘળાં દુખી થશે એમ ધારી ઉતાવળા હનુમાન વગેરે વાનરોને સાથે લઈ રામ લક્ષ્મણ નંદીગામમાં આવી ભરતને મળ્યા. રામના આવ્યાની અયોધ્યાવાસીને જાણ થવાથી તેઓ સામા આવ્યા. સઘળી પ્રજા અને રાજકુટુંબને રામના મેળાપથી અતિ હર્ષ થયો. વાજતે ગાજતે સઘળું સાજન રાજધાનીમાં આવી હળીમળીને સૌસૌને સ્થાનકે વેરાઈ ગયું. પછી સારૂં મૂહૂર્ત (અનુકૂળ દિવસ) જોઈ રામ ગાદીએ બેઠા અને લક્ષ્મણ વગેરે ત્રણ નાના ભાઇયો રામની આજ્ઞા પ્રમાણે વર્ત્તવા લાગ્યા. રામના રાજ્યમાં પ્રજા એટલું બધું સુખ પામી કે, આજ પણ જે રાજ્યનો વહિવટ સારી રીતે ચાલતો હોય અને રાજા પ્રજા પરસ્પર પ્રેમભાવથી સુખી અને સંતોષી હોય તેવા રાજ્યને "રામરાજ્ય" કહેછે. આ સિવાય રામ અને સિતાનાં વખાણવા લાયક તથા શિખામણ લેવા જોગ ઘણાં કામો છે,

§ અંગ્રેજ સરકારનું રાજ્ય થતા સુધી ગુન્હેગારોના નિર્દોષપણા માટે એવીજ રીતે તેમની પરીક્ષા કરવાનો ચાલ આ દેશમાં હતો. સહેજસાજ બાબતમાં પણ લોઢાનો તપાવેલો ગોળો ઝલાવતા.

પણ તેનો વિસ્તાર અત્રે કર્યો નથી. કારણ કે સમજુ વાંચનારને માટે તેમનું આટલું ટૂંકુ ચરિત્ર વર્ણન પૂરતું છે.

રામને રાજ્ય મળવાથી સિતા પટરાણી થઈ, પણ હજુ તેને સુંખ ભોગવવાનો વખત ન આવ્યો. *જાુજ કારણથી સગર્ભા સિતાને રામે વનમાં કાઢી મૂકી. ત્યાં તે બિચારી નિરપરાધી સતિ વાલ્મિકમુનિના તપોવનમાં આશ્રય પામી રહી. પછી પૂરા દહાડે તેને બે પુત્રો જોડે અવતર્યાં. તે પુત્રોને જેમ ગરીબ વિધવા પોતાના બાળકોને ઉછેરે તેમ તેણે ઉછેરીને મોટા કર્યા. વાલ્મિકમુનિએ એમનાં નામ લવ અને કુશ એવાં પાડ્યાં અને સમજણા થયા એટલે તેમને ધનુર્વિદ્યા શીખવી. જ્યારે તેઓ ચૌદ વર્ષની વયના થયા, ત્યારે રામનીસાથે યુદ્ધ કરી પોતાની મેળે પ્રસિદ્ધ થયા. પછી રામે તેમને તથા સિતાને અયોધ્યામાં તેડી આણ્યાં.

આટલાં આટલાં સંકટ સિતાને માથે પડ્યાં તોપણ પોતાના સ્વામી ઉપરનો ખરા અંતઃકરણનો પ્યાર તેણે ન છોડ્યો ! એ પરમપવિત્ર સતિને હજારવાર ધન્ય છે !! તેમ રામ પણ ઉદ્યોગ અને મહેનતથી જગપ્રસિદ્ધ થઈ, પોતાના એક પત્નિવ્રતથી ન ડગ્યા, એ તેમનું કર્મ અતિ સ્તુતિપાત્ર છે. હજુ સૂધી લોકો તેમને દૈવીજીવ માની તેમના ગુણ ગાયછે તે તેમના સદ્ગુણને લીધેજ. સત્યવાદી રામ, લક્ષ્મણ અને સિતા પોતાના સદ્ગુણોથી આ પૃથ્વીમાં અમર થયાં છે. સ્ત્રીપુરૂષોએ સંસારમાં અવતરી શા શા ધર્મ પાળવા અને પરસ્પર શી રીતે વર્તવું, એ બાબતના ઉત્તમ વિચારો ભૂલી જવાથી આપણા દેશની હાલ દુર્દશા થઈ છે. દેશ સુધારવાનો પ્રથમ પાયો સ્ત્રીઓના હાથમાં છે, શાથી કે સઘળી બાળપ્રજા ઉ-

---

*અયોધ્યામાં એક ધોબીએ કાંઇ કારણસર તેની સ્ત્રીને મારવાથી તે રીસાઇને પોતાના બાપને ઘેર ગઇ હતી. ત્યાં કેટલાક દિવસ રહ્યા બાદ તેનો બાપ તેને સાથે લઈ સાસરે મૂકવા ગયો ત્યારે તેના ધણી ધોબીએ કહ્યું કે "હું કાંઈ રામ રાજા જેવો સ્ત્રીજીત નથી કે પરબારે ઘેર ઘણા દહાડા સૂધી જઈ રહેલી સ્ત્રીને ઘરમાં ઘાલું." આ વાત રામના જાણવામાં આવ્યાથી લોકાપવાદ મટાડવાને તેમણે સિતાનો ત્યાગ કર્યો. આવી તજીવી બાબત ઉપરથી રામ જેવા ડાહ્યા મહારાજાએ એવું કૂર કામ કરવું જોઈતું નહોતું.

નળરાજાના રૂપ ગુણનું વર્ણન સાંભળવાથી કુંવરીનું મન તેનામાં લાગ્યું છે અને તેથી તે દિવસે દિવસે સૂકાતી જાયછે. તે સાંભળી ભિમકે વિચાર્યું કે, કુંવરી હવે ઉમરલાયક થઈ, માટે તેને યોગ્ય વર ખોળી લગ્ન કરાવવું. એવો નિશ્ચય કરી સ્વયંવર રચવો ઠેરવ્યો.દિવસ મુકરર કરી દેશ દેશના રાજાઓને કંકોત્રી મોકલી સૈન્ય સુદ્ધાં કુંડીનપુરમાં તેડાવ્યા. દમયંતીના ઘાટ ગુણની ખ્યાતી બધે ફેલાયલી હતી તેથી ઘણા રાજાઓ હરખભેર આવી પહોચ્યા.

હંસના મોંથી દમયંતીના ગુણ સાંભળેલો નળરાજા દમયંતીમાં ચિત્ત લાગવાથી રાજકાજમાંથી મન કાઢી નાંખી બાવરા જેવો સન્યામાં આળોટતો હતો. તેવામાં છડીદારે ખબર આપી કે, મહારાજ! વિદર્ભદેશથી આવેલો કોઈ બ્રાહ્મણ આપના દ્વારપાસે ઊભોછે અને તેણે આ પત્ર આપને નિવેદન કર્યો છે. છડીદારનું વચન સાંભળી નળ પથારીમાંથી ઝડપ ઊઠીને બેઠો થયો અને આવેલો પત્ર હાથમાં લઈ વાંચતાં તે દમયંતીના સ્વયંવરની કંકોતરી માલમ પડી, તેથી તેને ઘણો હર્ષ થયો. પછી પેલા બ્રાહ્મણને બોલાવી સત્કાર કરી ઘણું ધન આપ્યું અને સેનાપતિને પાસે તેડી આજ્ઞા કરી કે, વિદર્ભદેશ પ્રત્યે દમયંતીના સ્વયંવરમાં જવું છે, માટે ચતુરંગણી સેના ઝટ તૈયાર કરો. સઘળી તૈયારી થયા બાદ તે વાજતે ગાજતે વિદર્ભ દેશભણી ચાલ્યો. કુંડીનપુર થોડે છેટે રહ્યું એવામાં નળને મોટું સંકટ આવી પડ્યું. નારદમુનીના કહેવાથી ઇંદ્ર, યમ, વરૂણ અને અગ્નિ નામના દેવતાઈ પુરૂષો દમયંતીને પરણવાની લાલચે સ્વયંવરમાં આવતા હતા, તેમણે નળને દીઠો. એનું રૂપ જોઈ તે દેવોએ નકી કર્યું કે નિશ્ચય દમયંતી આનેજ વરશે, માટે આપણે એક યુક્તિ રચીએ. પછી વેશ બદલીને તેઓ સતવાદી નળની કને આવ્યા, અને યાચના કરવા લાગ્યા કે અમે અતિથી છીએ, માટે અમારે તારી પાસે કંઈ માગવાની ઇચ્છા છે, તે તું અમને આપ. નળે અભ્યાગત જાણી જે માગે તે આપવાની હા પાડી. ત્યારે દેવતાઓ બોલ્યા કે, હે નળરાજા! અમે ચારે જણ ઇંદ્ર, વરૂણ, યમ અને અગ્નિ એ દેવતા છીએ. દમયંતી સાથે પરણવાની અમને લાલસા છે, માટે તું અમારો દૂત થઈ તેની પાસે જા અને ત્યાં અમારાં વખાણ કર. અમારા ચારમાંથી ખુશીમાં

આવે તેને તે વરે. દેવતાઓનું બોલવું સાંભળી નળરાજા હાથ જોડી તેમને કહેવા લાગ્યો કે, તમારા મનમાં જે મતલબ છે તેજ મારા મનમાં પણ છે, માટે મને મોકલવો લાયક નથી; કેમકે કોઈ પુરૂષ જે સ્ત્રીની સાથે પોતાનો વિવાહ થવાની ઇચ્છા રાખતો હોય, તે બીજાનું દૂતપણું કરી શકે નહિ. મારો અપરાધ ક્ષમા કરો. દેવતાઓ બોલ્યા, હે નૈષધ! હે સત્યવાદી રાજા! "તમારા કહેવા પ્રમાણે હું કરીશ" એમ કહ્યા છ હવે ફરી જવું તને ઘટારત નથી. તે સાંભળી નળરાજા બોલ્યો, મહારાજો! દમયંતીના ઘરને ઘણી સખત ચોકી છે, તેમાં મારાથી શી રીતે પેસાય? ત્યારે ઇંદ્રે કહ્યું, દમયંતીના ઘરમાં જતાં કોઈ જાણે નહિ, એવી શક્તિ મેં તને આપીછે, માટે કોઈ દેખશે નહિ. તે સાંભળી છેવટે નળને દમયંતી પાસે જવાનું કબૂલ કરવું પડ્યું. સૈન્યને કુંડીનપુરની ભાગોળે ઉતારી, એકલો નળ છાનોમાનો દમયંતીના ઘર પ્રત્યે ગયો. ત્યાં તે તરૂણીને જોઈ એને મોહ ઉત્પંન થયો, પણ પોતાનું સત્ય જાળવવા મનને કબજે રાખી રહ્યો. નળનું રૂપ જોઈ તેના ભભકાથી કોઈ સખી અંદર આવવાનું કારણ એને પૂછી શકી નહિ તેમ દમયંતી પણ મોહ પામી કહેવા લાગી કે, મને મોહ ઉત્પન્ન કરનાર દેવતાઓના સરખા તમે કોણ છો અને શી રીતે અહિંયાં આવ્યા? ચોકીદારોએ તમને કંઈ ન પૂછ્યું તેનું કારણ શું! દમયંતીનું બોલવું સાંભળી નળ કહેવા લાગ્યો કે, હું દેવતાઓનો દૂત નિષધદેશનો રાજા નળ છું. ઇંદ્ર, અગ્નિ, વરૂણ અને યમ એ દેવતાઓ તને પરણવા ઇચ્છે છે, તેમણે પોતાના દૂત તરીકે મને તારી પાસે મોકલ્યો છે, અને તેમના પ્રભાવથી તારા ઘરમાં પેસતાં કોઈ રક્ષકો મને રોકી શક્યા નહિ. હું તારા ભલાને માટે તને એટલી વિનંતિ કરૂંછું કે, કોઇ પણ મનુષ્ય જાતિને અંગિકાર ન કરતાં, એ ચાર દેવતાઓમાંથી તારી ખુશીમાં આવે તે એકને વરીશ, તો તમારો જન્મ સફળ થશે; કારણ કે મનુષ્ય કરતાં દેવતાઓ પરાક્રમી, લાંબા આયુષ્યવાળા અને વિશેષ ધનવાન્ છે. તે સાંભળી નળને વિષે આતુર થએલી દમયંતી બોલી કે, હંસને મોઢેથી મેં નળના ગુણ સાંભળ્યા ત્યારથી મનથી હું તેને વરી ચૂકીછું. ત્યારે નળે કહ્યું કે, અરે! એ તો દેવતાઓના પગની રજ બરોબર પણ ન પોસાય. કદાચિત્ તું એમનો તિરસ્કાર કરી નળની સાથે લ-

ન કરીશ, તો તેઓ તને વિઘ્ન કરવાને ચૂકશે નહિ. મનુષ્યે સહસા કરેલું કામ પરિણામે દુઃખરૂપ થાયછે, માટે મારૂં કહેવું ધ્યાનમાં લેવા જેવું છે. દમયંતીએ કહ્યું, ગમે એટલું દુઃખ આવી પડે, તોપણ સત્યવાદી મનુષ્યો પોતાના ખરા અન્તઃકરણથી નિશ્ચય કરેલો સંકલ્પ ચૂકતા નથી. નળરાજા મને નહિ વરે, તો હું અગ્નિમાં પેસીને અથવા ઝેર ખાઇને, કે ગળે ફાંસો ઘાલીને દેહ પાડીશ પરન્તુ બીજાને નહિ વરૂં. માટે આપ ગમે તે હો, પણ હવે એ વિષે વધારે બોલવા કે સાંભળવા હું ઇચ્છતો નથી; તમે જ્યાંથી આવ્યા હો ત્યાં જલદી પાછા જવું ઘટેછે. આવાં વચનાસાંભળી નળે દેવતાઓની કને આવી સઘળી બીના તેમને જણાવી. પોતાનો સ્વાર્થ ત્યાગ કરી પરોપકાર કરવામાં નળને નિશ્ચય બુદ્ધિવાળો જોઇ તેઓ તેના ઉપર ઘણા પ્રસન્ન થયા, અને તેને સારાં વરદાન આપ્યાં.

ભિમકે સાંભળ્યું કે નળરાજા સૈન્ય સુદ્ધાં ભાગોળે આવ્યાછે એટલે તુરત સામા જઇ, માનભેર નગરમાં તેડી લાવ્યા. સઘળા ક્ષત્રીરાજાઓ દમયંતીના સ્વયંવરને માટે કુંડીનપુરમાં ભરાયા, તેથી દેવતાઓની અમરાવતી કરતાં પણ એ નગર અધીક શોભવા લાગ્યું. નિર્મલ દિવસે સમય થયો ત્યારે ભિમકરાજાએ સર્વ રાજાઓને સ્વયંવર મંડપમાં આવવાને કહેરાવ્યું, એટલે તેઓ ત્યાં આવીને અધિકાર પ્રમાણે પોત પોતાના મુકરર કરેલા આસન ઉપર બેઠા. પછી દમયંતી માત પિતા અને ગુરૂની આજ્ઞાથી હાથમાં વરમાળા લઈ સખીઓની સાથે મંડપમાં આવી. તેનું સ્વરૂપ જોવામાં આતુર થએલા રાજાઓ આસન ઉપરથી ઊંચા થઈ એકી નજરે તેના ભણી જોઈ રહ્યા. તેની ચતુર સખી કેશરી દરેક રાજાને ઓળખાવતી આગળ ચાલતી હતી. જ્યારે તે નળરાજા પાસે આવી ત્યારે ત્યાં અટકી અને તેને બરાબર ઓળખી તેના ગળામાં વરમાળ પહેરાવી જોડે ઊભી રહી. તરતજ મંગળવાજીંત્ર વાગવા માંડ્યાં અને આનંદ આનંદ થઈ રહ્યો. પછી ભિમકરાજાએ શાસ્ત્ર પ્રમાણે નળને કન્યાદાન આપ્યું. નળે બ્રાહ્મણ, સૂર્ય અને અગ્નિના દેખતાં પ્રતિજ્ઞા કરી કે, હે દમયંતી! તું દેવતાઓનો ત્યાગ કરી, સઘળા રાજાઓની સમક્ષ મને વરી, માટે હું તારૂં કહ્યું માનીશ, અને તારો ત્યાગ નહિ કરૂં. દમયંતીએ પણ નળને કહ્યું કે, હું તમારી સેવા કરીશ અને તમારી મરજીથી વિરૂદ્ધ કદી નહિ

વરતું. આ લગ્ન જોઈ સતવાદી રાજાઓ વખાણ કરતા કરતા પોતાને દેશ ગયા, અને અદેખાઓ બળવા લાગ્યા. કેટલાએક દિવસ કુંડીનપુરમાં રહ્યા પછી, નળરાજા દમયંતીને લઈ વિદર્ભદેશ ગયો. પછી એ જોડું સ-બાહસંપથી રહી નાના પ્રકારનાં સુખ ભોગવવા લાગ્યું. પોતાની ખુશીથી એક બીજાને પસંદ કરી જોડાએલા જોડાને કદી અણબનાવ થતો નથી. કેટલેક વર્ષે દમયંતીને ઇંદ્રસેન નામનો એક કુંવર તથા ઇંદ્રસેના નામની એક કુંવરી થઈ.

નળના કાકાનો છોકરો પુષ્કર પોતાનો રાજભાગ ત્યાગ કરી જંગલમાં રહે-તો હતો. તેને કળી નામના કોઈ દુષ્ટ પુરૂષે ભમાવી એવી ઉશ્કેરણી આપી કે, રાજ્યમાં તારો હિસ્સો છે તે છતાં ક્ષત્રી થઈ નાદાનની પેઠે આમ હાથ પગ જોડીને બેસી કેમ રહ્યો છું? નળની પાસેથી રાજ્ય મેળવવાને પ્રયત્ન કેમ કરતો નથી? પુષ્કર કહેવા લાગ્યો કે, ભાઈ, મારી પાસે સૈન્ય નથી, તેમ દ્રવ્ય પણ નથી; મારાથી નળને શી રીતે જીતાય ? મારી મદદ કોણ કરે ? અત્યારે પ્રજા અને સઘળું લશકર તેને વશ છે. તે સાંભળી કળી બોલ્યો કે, તું હામલીશ નહિ. દરેક માણસે સંસારનું સુખ મેળવવાને ઉદ્યમ કર-વાની જરૂર છે. ઉદ્યમ કર્યા સિવાય કંઈ સુખ મળતું નથી. સમય વિ-ચારીને જે પુરૂષ યોગ્ય કામ આરંભેછે, તેનો પરિણામે જય થાયછે. માટે તારી ખુશી હોય તો હું તને બતાવું તે પ્રમાણે તદબીર કર, તેથી તારો થોડી મહેનતે નકી જય થશે. પુષ્કરે પૂછ્યું, ભાઈ, તે શી તદબીર છે? જરા મને કહે, તો ખરો. કળીએ કહ્યું, તને તે ખબર છે, તથાપિ હું કહું છું. નળરાજાને બાજી રમવાનો શોક વધારે છે, અને રમતાં રમતાં જેમ વધારે હારે તેમ એને ચડસ વધતો જાયછે. માટે તું એની સાથે પણ કરીને બાજી માંડ; તેમાં જો નળ હારે તો એનું રાજ્ય તને મળે, અને તું હારે તો તારી પાસે આપવા બીજું કંઈ અત્યારે જણાતું નથી તેથી આ સોનાની મહોરો લાદેલો એક પોઠી હું તને આપુંછું, તે પણમાં મૂકજે. હું અને મારો આ ભાઇબંધ તને એ કામમાં મદદ કરી નળને હરાવી આ-પીશું. પછી તારે જન્મ.રા.નો કાંટો નીકળી જશે અને તું સુખેથી રાજ્ય કરીશ. તારી આણ નગરમાં વર્ત્તાશે એટલે નળને ક્રોધથી રખાશે નહિ, તેથી તે જંગલમાં રઝળી રખડીને અંતે નાશ પામશે. કળીની આ વાત પુષ્કરના ધ્યાનમાં ઉતરી, તેથી તે બેઉ સાગ્રીતો તથા પોઠીને સાથે

ભાઈ, નળરાજાના નગરમાં આવ્યો. નળને ખબર પડી કે મારો ભાઈ આવ્યો છે, એટલે તુરત તેને દરબારમાં તેડી આણ્યો અને ઘણો સત્કાર કરી તેને પોતાની સાથે રહેવાને કહ્યું. પુષ્કરે એ વાત નાકબૂલ કરી કહ્યું કે, મારે તારી સાથે બાજી રમવાની ઇચ્છા છે. થોડીવાર સુધી નળે કશો જવાબ દીધો નહિ, પણ જ્યારે દમયંતીના સાંભળતાં પુષ્કરે વારંવાર એ માગણી કર્યા કરી, ત્યારે નળે ગુસ્સે થઈ હાર જીતનું પણ કરી બાજી આરંભી. એ વખતે પાસાઓની રમતમાં ઉન્મત્ત થએલા નળરાજાને દમયંતી વગેરે કોઈ વારવાને સમર્થ થયું નહિ. તેના પ્રધાનો તથા ગામની પ્રજા દ્યૂત અટકાવવાની અરજ કરવાને દરબારના બારણા નજીક આવ્યા. તે જોઈ નળના રથ હાંકનાર વાર્ષ્ણેયે દમયંતીને કહ્યું કે, હે દેવી ! ધર્મનું તત્વ જાણનાર નળરાજાને હમણાં દ્યૂત રમવાનું વ્યસન વળગ્યું છે, તે નગરની પ્રજાથી સહન નહિ થવાથી કંઈ અરજ કરવાને દરવાજા પાસે આવી ઊભી છે; માટે એ વિષે તમે રાજાને ખબર આપો. તે સાંભળી નળના ભયંકર દુર્ગુણથી શોક પામેલી દમયંતીએ તેની પાસે જઈ ઘણી આજીજી સાથે પ્રજાની અરજ નિવેદન કરી; પણ તેણે કંઈ ગણકાર્યું નહિ, તેથી નિરાશ થએલી દમયંતી લમણે હાથ દઈ પાછી આવી. ખબર સાંભળી નગરની પ્રજાએ નકી કર્યું કે નળરાજાનું પુન્ય પરવાર્યું, તે સિવાય તેને આવી ભૂંડી મતિ સૂઝે નહિ. પછી સૌ પોત પોતાને ઘેર ગયાં. દમયંતીએ વિચાર્યું કે જુગાર એ મનુષ્યનો કટ્ટો શત્રુ છે. સારા સારા રોજગારોથી મહેનત વડે મેળવેલું ધન એક પલકમાં ખોઈ નાંખવાની એ લત છે. એમાંથી જૂઠ, ચોરી વગેરે અનેક અવગુણની ડાળીઓ ફૂટેછે. આ સઘળું સમજવા છતાં સત્યવાદી નળની મતિ જ્યારે ભ્રષ્ટ થઈ ત્યારે મને એમ લાગેછે કે નકી કંઈ ભારે દુઃખ આવવાનું. એમ વિચારી દમયંતીએ બૃહતસેના નામની પોતાની દાસીને મોકલી વાર્ષ્ણેય નામના પોતાના સારથીને બોલાવી કહેવા લાગી કે, ભાઈ વાર્ષ્ણેય ! નળરાજા સદૈવ તારી સાથે સારી રીતે વર્ત્તેછે માટે હાલની તેમની અવળી હાલતમાં તારે તેમને સાહ્ય કરવી ઘટેછે. અરે ! જેમ જેમ પુષ્કર જીતેછે, તેમ તેમ એમને દ્યૂત રમવામાં પ્રીતિ વધતી જાયછે અને પાસા પુષ્કરની તરફેણમાં પડેછે. દ્યૂત રમવામાં મોહીત થએલા નળરાજા સ્નેહીનાં તેમજ મારાં

વચન પણ સાંભળતા નથી, તેથી હું એ મહાત્માનો દોષ નથી કાઢતી. પણ નસીબનોજ દોષ માનુંછું. મારા પેટમાં ધાસ્તી છે કે એમનો પરાજય થશે હે સારથી! મારૂં ચિત્ત સ્થીર રહેતું નથી, અને મને એમ લાગે છે કે આગળ વખત ઘણો બારીક આવશે, માટે આ મારાં બેઉ બાળકોને રથમાં બેસાડી ઉતાવળો વિદર્ભદેશ પ્રત્યે જઈ, કુંડીનપુરમાં મારા પિતાને સોંપ્ય. પછી તારી ઇચ્છા હોય તો ત્યાં રહેજે, અથવા બીજે જજે. દમયંતીનું કહેવું સાંભળી વાર્ષ્ણેય સારથી પ્રધાનો પાસે ગયો અને દમયંતીની કહેલી હકીકત તેમને કહી સંભળાવી. પ્રધાનોએ સમય વિચારી એની વાતને ટેકો આપ્યો, અને ઉતાવળથી તેમ કરવાને તેને રજા આપી. પછી વાર્ષ્ણેય રથ જોડી બેઉ બાળકોને અંદર બેસાડી જલદી વિદર્ભદેશ પ્રત્યે કુંડીનપુરમાં ગયો, અને દમયંતીનાં બાળકો તથા અશ્વ સહિત રથ ભીમકરાજાને સોંપી, તેની રજા લઇને નળરાજાનો શોક કરતો કરતો અયોધ્યા પ્રત્યે ગયો અને ત્યાંના રતુપર્ણ રાજાની ઘોડારમાં નોકર થઈ રહ્યો.

આણી તરફ પુષ્કરે દ્યૂતમાં પવિત્ર યશવાળા નળરાજાનું સર્વ ધન તથા રાજ્ય જીતી લીધું, અને હસતાં હસતાં બોલ્યો કે, હે નળરાજા ! હવે બાજી રમવામાં હારજીતમાં મૂકવાને દમયંતી સિવાય બીજું કંઈ તમારી પાસે રહ્યું નથી, માટે તે મૂકો તો ફરી રમીએ. તે સાંભળી ક્રોધ પામેલાં નળે કંઈ પણ ઉત્તર ન આપતાં પોતાના શરીર ઉપરથી સર્વ અલંકાર ઉતારીને પુષ્કરને સોંપ્યા, અને એક વસ્ત્ર પહેરી વનમાં જવાને ગામમાંથી રવાને થવા લાગ્યો. તે વખતે દમયંતી પોતાના હતભાગ્ય પતિને જતો જોઇને તેની પૂંઠે ગઈ. પછી તે સ્ત્રી પુરૂષ બંને ત્રણ દિવસ સૂધી નગરની પાસે રહ્યાં. નળને દેશવટો દેઈ પુષ્કરે ગામમાં ઢુંડી પીટાવી કે, રૈયતમાંથી કોઈપણ માણસ એને કંઈ પણ આશ્રય આપશે તો તેને દેહાંત શિક્ષા થશે. તેથી, તથા પોતે તેને વારવાને ગયા હતા પણ તેણે માન્યું નહિ, એ બેઉ કારણોને લીધે નગરની કોઈ પ્રજાએ તેને આશ્રય ન આપ્યો. પછી લાચારીએ ત્રણ દિવસનાં ભૂખ્યાં તરસ્યાં નળ અને દમયંતી ત્યાંથી નીકળી વનની વિકટ વાટે ચાલતાં થયાં. જતાં જતાં માર્ગમાં સોનેરી પાંખોવાળાં પક્ષીઓને જોઇ, ભક્ષને માટે તેમને પકડવાને નળે પોતે પહેરેલું વસ્ત્ર કાઢી તેમના ઉપર નાંખ્યું, તે લઈ તેઓ આકાશ માર્ગે ઊડી ગયાં. આથી નિરાશ

થઈ નળ રાજા નીચે મોઢે નવસ્ત્રો ઊભો રહ્યો, અને શરમાતો શરમતો ચિંતીને કહેવા લાગ્યો કે, હે પ્રિયે! જુગારરૂપી દુષ્ટ વ્યસને મારૂં ચક્રવર્ત્તિ રાજ્ય ખોવરાવ્યું એટલુંજ નહિ,પણ એથી પ્રાણ કરતાં પણ અધિક વહાલી એવી નિષધ દેશની પ્રજાએ પણ મને આશ્રય ન આપ્યો,અને હું ભૂખ્યો તરશો આ અઘોર વનમાં વસ્ત્રવિના ઊભો રહેવાંની હાલતે પહોચ્યો!! હવે તારો તથા મારો નિર્વાહ શી રીતે કરવો,તે મને સૂઝતું નથી!! આવી અવળી હાલતને લીધે હું તારા ભલાને માટે કહુંછું કે, આ દક્ષિણ દિશા તરફ ઉજ્જેણી નગરી આગળ ચારે બાજુએ જવાના ધોરી રસ્તા છે; આ ફળ ફૂલની વેલીઓથી વિંટાએલા ઋષિઓના પવિત્ર આશ્રમો છે; વળી આ રસ્તો તારા પિયર વિદર્ભ દેશ તરફ જવાનો છે. નળનાં આવાં વચન સાંભળીને શોકાતુર થએલી દમયંતી, નેત્રમાંથી આંસુ લાવી બીતી બીતી કહેવા લાગી કે, હે સ્વામી ! તમારા મનની ઈચ્છાનું વારંવાર ચિંતવન કરતાં મારૂં મન ઘણું ઉદવેગ થાયછે, તથા મારા શરીરના સર્વ અવયવો શીથીલ થઈ જાયછે. અરે ! જેનાં વસ્ત્ર ત્યાગ થયાં છે, જે ભૂખ અને તરશથી પીડાય છે, અને જેણે પોતાનું સર્વસ્વ ખોયુંછે, તેવા નિરાધાર તમને નિર્જન વનમાં એકલા મૂકી મારા પિતાના ઘર પ્રત્યે હું કેમ જાઉં ?!! અરે ! હું મારો પ્રાણ આપીને પણ આ ભયંકર વનમાં તમારા દુઃખમાં ભાગ કરીશ; કેમકે પુરૂષનો દુઃખરૂપ રોગ મટાડનાર સ્ત્રી સિવાય બીજું ઉત્તમ ઔષધ નથી. સ્વામીનાથ ! આ મારાં દીનવાક્ય સત્ય માનજો. નળ બોલ્યો, હે સુંદરી ! તું ખરૂં કહેછે; કારણ કે દુઃખથી પીડાતા પુરૂષને સદ્ગુણી સ્ત્રી સમાન મિત્ર તથા ઔષધ બીજું કંઈ નથી. મારી પ્રાણપ્યારી પ્રિયા ! હું મારા પ્રાણનો ત્યાગ કરીશ પણ તારો ત્યાગ નહિ કરૂં. તું એટલી બધી શંકા શા વાસ્તે કરેછે ! દમયંતી બોલી, મહારાજ !જ્યારે તમે મારો ત્યાગ કરવા ઇચ્છતા નથી, ત્યારે વિદર્ભદેશનો માર્ગ મને શા માટે બતાવો છો ? મને ખાત્રી છે કે તમે એમ કરો નહિ; પણ પાપી વિકારે તમારા ચિત્તને વ્યાકુળ કર્યું છે તેથી વારે વારે મારા પીયરનો માર્ગ બતાવી મારા શોકમાં વધારો કરોછો. જો તમારો એવોજ અભિપ્રાય હોય કે દમયંતી પીયર જાય, તો આપણ બેઉ વિદર્ભદેશ જઇએ; મારો પિતા તમારો સત્કાર કરશે. હવે કૃપા કરીને તમે મેં પહેરેલું અર્ધું વસ્ત્ર

પહેરો. એ પ્રમાણે વિનવેલો નળરાજા દમયંતીએ પહેરેલું અર્ધું વસ્ત્ર પેહેરી બોલ્યો કે, સતિ ! જેમ તારા પિતાનું રાજ્ય છે, તેમ મારૂં પણ રાજ્ય છે. કદાપિ હાલ હું આવળી હાલતમાં આવેલો છું, તો શું થયું ! પણ ત્યાં તો જવાનો નહિ. અરે હું સમૃદ્ધિવાળો અને તને હર્ષ વધારનારો હતો, તે આજ કેવળ નાચાર તથા તને શોકની વૃદ્ધિ કરનારો થયોછું, એવી સ્થિતિમાં ભિમકરાજાને ત્યાં કેમ આવું ? એ રીતે એક બીજાના મનનું સમાધાન કરતાં નળ અને દમયંતી બેઉ એક વસ્ત્ર પહેરી ભૂખ અને તરશથી પીડાતાં અઘોરવનમાં ચોતરફ ફરવા લાગ્યાં. આખરે જ્યારે છેક થાકી ગયાં ત્યારે એક ઝાડ નીચે જઈ બેઠાં ત્યાં પાથરવાને ઘાસની સાદડી પણ જેની પાસે નથી એવો નળરાજા, કાંકરા અને કાંટાવાળી ભોંય ઉપર હાથનું ઓશીકું કરીને ઉઘાડે બરડે સૂતો. સુકોમળ અંગવાળી દમયંતી પણ એજ પ્રમાણે જમીનપર પડી. ભૂખ અને દુઃખથી ગાત્ર શિથિલ થઈ ગયાં હતાં તેથી તે બિચારી થોડીવારમાં ઊંઘી ગઈ; પણ ભ્રમિત મનના નળરાજાને નિદ્રા આવતી નથી, તેથી તે પડ્યો પડ્યો તર્ક વિતર્ક કર્યા કરેછે. અરે ! હું શું કરૂં ? મને શી રીતે સુખ થાય ? દમયંતીનો ત્યાગ કરૂં તો હું સુખી થાઊં ? એ બિચારી મારે માટે બહુ દુઃખ ભોગવે છે ! હું એનો ત્યાગ કરીશ તોજ તે પોતાના પિતાને ત્યાં જશે. મારૂં રાજ્ય ગયું, પહેરવાનું વસ્ત્ર પણ પક્ષી લઈ ગયાં, અને ભૂખ, તરસ તથા થાકથી શરીર પણ શીથીળ થઈ ગયુ! હવે શું હું પ્રાણ ત્યાગ કરૂં તો સુખી થાઊં ? અરે આ મારા પ્રાણથી વહાલી દમયંતી એને પીયર જશે તો કોઈ દિવસ પણ તેને સુખનો વારો આવશે; મારી જોડે તો નિશ્ચય એ દુખી થવાની! એમ વારે વારે વિચાર કરીને, ઊંઘતી દમયંતીનો આ અઘોરવનમાં ત્યાગ કરવો, એજ નળે નકી કર્યું. એણે ધાર્યું કે એ સતિ મારામાં પ્રીતિવાળી, સ્વધર્મને આચરનારી, મોટી ભાગ્યશાળી, અને ભારે યશવાળી છે, માટે કોઈ પુરૂષ રસ્તામાં એકલી જાણીને એને બાધ કરી શકશે નહિ. એમ વિચાર કરી દમયંતીએ પહેરેલા વસ્ત્રનો અર્ધો ભાગ જે પોતે પહેરેલો હતો તેટલું વસ્ત્ર ઊંઘતી સ્ત્રીના જાણવામાં ન આવે એવી રીતે કાપી લઈ નિર્દય થઈ ગએલો નળરાજા પોતાની પતિવ્રતા અને કોમળ અંગવાળી અબળાને ભયંકર નિર્જન વનમાં એકલી મૂકી ચાલતો થયો. થોડે છેટે જવા પછી મન ખેંચાયાથી પાછો આવ્યો અને ઘણું રૂદન કરતાં વિલાપ કરવા લાગ્યો કે, અરેરે ! કાપેલું અર્ધું વસ્ત્ર પહેરેલી,

આ નિર્દોષ અબળા નિદ્રામાંથી ઉઠી મને દેખશે નહિ ત્યારે કેવી ગાંડી થશે !! અને આવા ભયંકર પ્રાણીઓથી ભરેલા વનમાં એ એકલી કેવી રીતે ફરશે !! એવી રીતે વિલાપ કરીને તથા 'ઇશ્વર તારી રક્ષા કરો' એમ બોલીને ફરીથી તેને મૂકીને ચાલતો થયો. પણ દમયંતીના નિર્મળ સ્નેહ-પાશથી તે એવો જકડાએલો હતો કે વારંવાર થોડે છેટે જઈ, પાછો ઉંઘતી સ્ત્રીની પાસે આવતો હતો. એમ ઘણા વખત સુધી સ્નેહ અને કુબુદ્ધિના તર્ક વિતર્કમાં અથડાતાં આખરે દુર્બુદ્ધિનું જોર વધ્યું અને ધર્માધર્મનો વિચાર કર્યા સિવાય તે કલ્પાંત કરતો કરતો જોરભેર ત્યાંથી દોડી અઘોર વનમાં જતો રહ્યો.

થોડીવારે જ્યારે દમયંતી ઉંઘમાંથી જાગી, ત્યારે પોતાના પતિને નહિ દેખવાથી બેબાકળી ઉઠીને હે મહારાજ ! હે નાથ ! હે સ્વામિ ! એવા શબ્દો મોટેથી બોલીને પોકાર કરવા લાગી. હે પ્રાણનાથ ! આ મનુષ્ય વગરના વનમાં હું એકલી બીહુંછું. તમે ધર્મના જાણનાર તથા સત્યવાદી છો, અને મારા સ્વયંવરમાં 'તારો ત્યાગ નહિ કરૂં' એમ કહ્યું છે, તે છતાં આવી દુઃખદાયક સ્થિતિમાં મારો ત્યાગ કેમ કરોછો ?! પ્રભુ ! તમા-રા વિના હું એક મુહૂર્ત માત્ર પણ જીવી શકીશ નહિ ! તમે જો મારી હાંસી કરતા હો તો તેથી તમને જે આનંદ થતો હશે તેનાથી સોગણો શોક મને થાયછે. હું ઘણીજ બીહુછું, માટે કૃપા કરીને તમારા સ્વરૂપનું દર્શન કરાવો!! અરે ! તમે ઝાડોની પાછળ છુપાઈ રહ્યા છો ? જો એમ હો-ય તો એ મોટા ખેદની વાત છે, કે હું તમારી સાથે વનમાં આવેલીછું અને આવી રીતે વિલાપ કરૂંછું તે છતાં તમે નજીક આવીને મને શાંતિ કરતા નથી !!

હે રાજા ! હું મારા દેહનો તથા બીજા કોઇનો શોક કરતી નથી, પ-ણ મારા વગરના એકલા તમે કેમ કરશો ? એવા વિચારથી તમારા સં-બંધી શોચ કરૂંછું. આવી રીતે વિલાપ કરી દુઃખયુક્ત થએલી દમયંતી આમથી તેમ ચારે પાસ ફરવા મંડી. વનમાં કોઈ માણસ જાતને તે દેખતી નથી તેથી, તથા ભયંકર પ્રાણીઓના શબ્દ સાંભળી બીકથી દોડતાં દોડતાં પૃથ્વી ઉપર પડી જાયછે અને બેઠી થાયછે. એવામાં મોં ફાડી ભૂખ્યા માર્ગ-માં પડેલા એક અજગરે એનો પગ ગળ્યો. એથી તેના શરીરે ઝેર ચડવા માંડ્યું, તોપણ પોતાના માટે કશો શોક ન કરતાં પોતાના વિખુટા પડેલા પતિને માટે તે સતિ ધાડે સ્વરથી રડવા લાગી. તેનું રૂદન સાંભળી એક

પારધી એ વનમાં શિકાર કરતો હતો તે દોડતો દોડતો ત્યાં આવ્યો અને હથીઆરવડે જાળવીને અજગરને ચીરી તે બાઇને છૂટી કરી. પછી તેણે પાણી લાવીને અજગરના મુખથી ખરડાએલું દમયંતીનું શરીર ધોઈ નાંખ્યું અને ફળફૂલ વગેરેનો આહાર કરાવીને તેને સચેત કરી. પછી તેને પૂછવા લાગ્યો કે, બાઈ! તું કોણ છું અને આ નિર્જન વનમાં શા માટે આવી છું? તેના જવાબમાં દમયંતીએ પોતાની સઘળી બીના તેને કહી સંભળાવી. અર્ધું વસ્ત્ર પહેરવાથી જેના શરીરનો કેટલોક ભાગ બરાબર ઢંકાયો નથી એવી સુકોમળ નાજુક સ્ત્રીને જોઈ તથા તેની મધુર વાણી સાંભળી પારધી મોહ પામ્યો અને ભાન ભૂલીને મર્યાદા વિરુદ્ધ વચન બોલવા લાગ્યો. આથી દ-મયંતીને ઘણો ક્રોધ ચડ્યો, પણ પોતાને જીવતદાન આપનારનું ભૂંડું ના થાય તો ઘણું સારૂં એવા વિચારથી કેટલીક વાર સુધી તે છાનીમાની બેશીરહી. પછી જ્યારે એનો એકે આરો ન રહ્યો ત્યારે તે ગુસ્સાથી આંખો લાલચો-ળ કરીને ક્રોધથી બોલી કે, હે પ્રભુ! જો મેં નળ સિવાય બીજો અન્ય પુ-રૂષ સ્વપ્નામાં પણ ન ઇચ્છ્યો હોય તો આ પાપી ચંડાળ તત્કાળ મૃત્યુ પામીને પૃથ્વી ઉપર પડો. તેજ વખત જેમ અગ્નિથી બળતું વૃક્ષ પૃથ્વી ઉપર પડે, તેમ પારધી જમીન ઉપર પડ્યો. તેના મરવા પછી દમયંતી પાછી નળની શોધ કરતી કરતી ત્યાંથી આગળ ચાલી અને વૃક્ષોની ગીચ ઝાડીવાળા તથા મોટા મોટા પર્વતોની ગુફાઓમાં રહેતાં સિંહ, વાઘ, રીંછ વગેરે ભયંકર વનપશુઓની ગર્જનાથી ગાજી રહેલા મહા ઘોર વનમાં જઈ ચડી. ઘણે દૂર જવા પછી એક નદી આવી; ત્યાં કોઇ વટેમાર્ગુઓનો કા-ફલો સામે પાર જતો તેણે જોયો તેથી તેમનો સંગાથ કરવાને ઉતાવળથી નદી ઉતરીને તેમને જઈ મળી. જેનું શરીર સૂકાઈ ગયું છે, મોઢાની કાં-તિ ફરી ગઈ છે, ઊઝરડા ભરાયાથી અંગ લોહીલોવાણ થઇ ગયું છે, મા-થાના કેશ છૂટી વીખરાઈ ગયા છે તથા તેમાં પુષ્કળ ધૂળ ભરાઈ છે, અ-ને જેણે અર્ધું વસ્ત્ર પહેર્યું છે, એવી દમયંતીને જોઇને તે કાફલામાંના માણસો ભયભીત થઇ નાસવા લાગ્યા. કેટલાક તેની મશ્કરી કરવા લાગ્યા અને કેટલાક બીતા બીતા પૂછવા લાગ્યા કે, બાઈ તું કોણ છે અને કોને શોધેછે? તને જોઇને અમે કાંપીએ છીએ, માટે સાચે સાચું કહે. તે સાં-ભળી દમયંતી કહેવા લાગી કે, ભાઈ! હું રાજાની કુંવરી અને રાજાની રા-ણી છું; મારાથી કોઈ બીશો નહિ. હું મારા પતિ નળ રાજાની શોધ કરૂં-છું, તેમને તમે જોયા હોય તો મને ખરી ખબર કહો. શોકવડે રડતી દમ-

યંતીનાં એવાં નરમ વચન સાંભળીને તે સથવારાના કાફલાનો સુથી નામનો મુખી તેને કહેવા લાગ્યો કે, હે કલ્યાણી! મેં આ વનમાં હાથી, પાડા, સિંહ, વાઘ, રીંછ, હરણ વગેરે પશુઓ સિવાય કોઈ મનુષ્યને દીઠું નથી, ફક્ત હમણાં તને જોઇ. તે સાંભળી નિરાશ થઈ દમયંતી બોલી કે, વારૂ ભાઈ! તમારો આ કાફલો ક્યાં જવાનો છે? સુચીએ કહ્યું, સુબાહુ રાજાના ચેદી દેશમાં વ્યાપાર કરી લાભ મેળવવા સારૂ અમે જઇએ છીએ. તે સાંભળી, પોતાના પતિનો વખતે મેળાપ થાય એવી લાલચે, દમયંતી સંઘની સાથે વિદાય થઈ. જતાં જતાં માર્ગમાં એક સુંદીર તળાવ આવ્યું ત્યાં સંધ્યાકાળ પડી અને રાત્રી અંધારી હતી તેથી પાસેના છૂટા મેદાનમાં જ્યાં જેને અનુકૂળ આવ્યું તેમ સૌએ પડાવ કર્યો. તેમનાથી જરા દૂર એક જગો પસંદ કરી ત્યાં દમયંતી પણ સૂતી. એવામાં મધ્ય રાત્રીએ વગડાઉ હાથી તળાવમાં પાણી પીવાને આવ્યા, તેમણે કાફલાના પાળેલા હાથી જોયા એટલે ચીસો પાડતા પાડતા દોડી આવી એ હાથી સાથે લડવાને ભારે તોફાન મચાવ્યું. કાફલાના સઘળા માણસો ઊંઘેલા હતા તે આ રમખાણથી ઝબકીને ઊઠ્યા, તેમાંના કેટલાએક વિફરેલા હાથીના પગ તળે આવવાથી ચગદાઈ ગયા, કેટલાક નાશી ગયા, અને કેટલાએકને હાથીએ પોતાના દંતુશળવડે ચીરી નાંખ્યા. આ બનાવથી કાફલામાં ભંગાણ પડ્યું અને ઘણા માણસોની હાણ થઇ. તોફાન મટી જવા પછી જીવતા રહેલા માણસો એકઠા થઈ વિચાર કરવા લાગ્યા કે, આપણા ઉપર આટલો બધો કેર થવાનું કારણ શું? શું આ તે દૈવકોપ હશે!! ત્યારે તેમાંથી કેટલાક બોલી ઊઠ્યા કે, ભાઈ, પેલી કોઈ વંત્રી આપણા સંઘમાં આવીને ભળીછે, તેની માયાથીજ આ કામ બન્યું હશે! માટે જો તે નજરે પડે તો ઢેખાળા, કાંકરા, અને પથરાથી તેને મારીને પૂરી કરીએ. બધાને આ વાત ખરી ભાસી તેથી આસપાસ તેને ખોળવા મંડ્યા, પણ અંધારી રાત હોવાથી જડી નહિ તેથી નિરાશ થઈ રસ્તે પડ્યા. દમયંતી દૂરના એક ઝાડને ઓઠે રહી તેમની બધી વાતચીત સાંભળતી હતી તે ઘણો ત્રાસ પામી અને વિચાર કરવા લાગી કે, અરે દૈવ! હું કાંઈ જાણતી નથી તે છતાં આ બધું મારે માથે આવી પડ્યું!! આતે કિયા જન્મનાં પાપ મને નડતાં હશે!! જો હું ઝાઝીવાર અહિં ટકીશ તો અપરાધ વિના એ લોકો મારો પ્રાણ લેશે એમ ધારી, અંધારાને લીધે રસ્તો સૂઝતો નહોતો તોપણ ઉમારગે તે ત્યાંથી ચાલતી થઈ. હીંડતાં હીંડતાં રસ્તામાં કાંટા વાગે, ઠેસ વાગવાથી

ભોંય ઉપર પડી જવાય, લોહી નીકળે, એ બધું દુઃખ સહન કરતી કરતી બીજા દિવસની સાંજે ચેદી દેશ પ્રત્યે પોતાની માસીના નગરમાં તે આવી પહોંચી. અર્ધું વસ્ત્ર પહેરેલી, ભયભીત થએલી, શરીરે સૂકાઈ ગએલી અને મેલ તથા રસ્તાની રજોટી જેના શરીરમાં ભરાએલી છે એવી દમયંતી, ગાંડાની માફક ચાલતી ચાલતી નગરમાં પેઠી. તે નગરના રહેવાસીઓ છૂટા કેશવાળી અબળાને જોઈને આશ્ચર્ય પામ્યા. બાળકો તેની કેડે પડી સતાવવા લાગ્યાં. એવી અવસ્થામાં જ્યારે તે સુબાહુ રાજાના મહેલની નજીક આવી, ત્યારે ત્યાં બારીએ બેઠેલી રાજમાતાએ તેને જોઇ અને બાળકોની સંભાળ રાખવા સારૂ રાખેલી દાસીને કહ્યું કે, પેલી સ્ત્રી ચાલી આવેછે તેની પાસે તું જા, ને તેને અહિં બોલાવી લાવ. રાણીની આજ્ઞાથી દાસી દમયંતી કને આવી, અને વિંટાઇ વળેલાં માણસો તથા છોકરાંને કાઢી મૂકી તેને રાજમાતાની પાસે તેડી ગઈ. પોતાની ભાણેજનો ચહેરો દુઃખથી છેક બદલાઈ ગયો હતો તેથી રાજમાતાએ તેને ઓળખી નહિ પરન્તુ આ કોઈ મોટાનું ફરજંદ છે, એમ ધારી તેને પૂછ્યું કે, બાઇ, તારી સાથે કોઈ રક્ષણ કરનાર દેખાતું નથી, તેમ તું કોઈથી ભય પામતી હોય એવું લાગતું નથી; એવી તું કોણ છું અને ક્યાંથી આવી? દમયંતીએ કહ્યું, હું સૈરંધ્રી (દાસીની જાતમાં ઉત્પન્ન થએલી) મારી ઇચ્છામાં આવે ત્યાં રહેનારી, મારા પતિને વિષે પ્રીતિવાળી, ફળ મૂળનું ભોજન કરનારી, તથા ફરતાં ફરતાં જ્યાં સાંજ પડે ત્યાંજ નિવાસ કરનારી દાસી છું. દેહની પછવાડે જેમ પડછાયો ગતિ કરેછે તેમ મારા પતિની પછવાડે હું ફરૂંછું. દૈવયોગથી મારા પતિને દ્યૂતની અધર્મી રમત રમવાનો પ્રસંગ આવ્યો, તેથી તે સર્વસ્વ હારીને વનમાં નીકળ્યા અને હું તેમની સેવાને માટે તેમની પૂંઠે ચાલી. ભૂખ તરશથી પીડાતા મારા પતિએ ફક્ત એક વસ્ત્ર પહેરેલું હતું, તે સિવાય બીજું કંઈ તેમની પાસે નહોતું. કોઈ કારણસર તેમનું તે વસ્ત્ર પણ હરાઈ ગયું, ત્યારે મેં મારૂં અર્ધું વસ્ત્ર તેમને પહેરવા આપ્યું. એક વસ્ત્ર પહેરેલાં અમે બેઉ જણાં ભૂખ્યાં તરસ્યાં વનમાં ફરતાં ફરતાં થાકી જવાથી એક ઝાડ નીચે સૂઈ ગયાં. જ્યારે હું નિદ્રાવશ થઈ ત્યારે દુઃખ અને દુર્વિચારથી વ્યાકુળ થએલા મારા પતિ મને ઊંઘતી મૂકી વિના અપરાધે અર્ધું વસ્ત્ર કાપી ત્યાંથી ચાલતા થયા. હું તેમનો શોધ કરતી ફરૂંછું, પણ મને ખબર નથી કે મારો પ્રાણેશ્વર અમુક જગોએ છે!! એમ કહેતાં કહેતાં દમયંતીની આંખમાંથી ધોધારે આંસુ પડ્યાં. પછી

રાજમાતા તેને કહેવા લાગીકે, હે કલ્યાણી ! મને તારા ઉપર ઘણી દયા તથા પ્રીતિ ઉત્પન્ન થાયછે, માટે તું મારી પાસે રહે. મારા ચાકરો તારા પતિની શોધ કરશે, અથવા તો તે જ્યાં હશે ત્યાંથી ફરતો ફરતો અહિં આવશે. તેના પ્રત્યુત્તરમાં દમયંતી કહેવા લાગી કે, હું તમારી પાસે રહેવાને ત્યારે કબૂલ થાઉં કે જો તમે મારી આટલી પ્રતિજ્ઞાઓ સાચવો તોજ. તે પ્રતિજ્ઞાઓ એ કે,—હું કોઈ દિવસ કોઈનું એઠું ખાઈશ નહિ; પગે ચાલીને ક્યાંઇ જઇશ નહિ; કોઈ પુરૂષ સાથે ભાષણ કરીશ નહિ; કોઈ પુરૂષ મારે વિષે અધર્મયુક્ત બુદ્ધિ કરે તો તેની પાસેથી તમારે દંડ લઈ તેનો નાશ કરવો, કારણકે એવા અધર્મી પુરૂષનું મુખ જોવું નહિ, એવું મારે વ્રત છે; મારા પતિની શોધ મળવા સારૂ બ્રાહ્મણને ફક્ત દ્રષ્ટિથી જોઇશ. એવી રીતે તમારાથી બની શકે તો હું તમારી પાસે રહું. દમયંતીનાં આવાં વચન સાંભળીને રાજમાતા ઘણાં ખુશી થયાં અને તેના કહેવા પ્રમાણે બંદોબસ્ત કરી, પોતાની પૂત્રી *સુનંદાની સખી તરીકે તેને પોતાને ઘેર રાખી. અહિંઆં દમયંતીને પોતાના પતિના વિયોગ સિવાય કોઇ પ્રકારનો બીજો શોક અથવા ભય રહ્યો નહિ.

નળ રાજા જૂગટું રમવામાં હારવાથી રાજપાટ ખોઇને દમયંતી સુદ્ધાં વનમાં નીકળ્યોછે, તે ક્યાં છે તેનો પત્તો ન લાગવાથી તેનો સસરો-ભીમકરાજા શોક કરવા લાગ્યો. ઘણા વખત સુધી ખબર ન મળી, ત્યારે તેણે સેંકડો બ્રાહ્મણોને દ્રવ્ય આપવું પરઠી શોધ કરવા મોકલ્યા. ઘણા દેશ, ગામ અને વગડાઓમાં એ બ્રાહ્મણોએ તપાસ કરી પણ કાંઈ પત્તો લાગ્યો નહિ. એવામાં સુદેવ નામનો એક બ્રાહ્મણ શોધતો શોધતો ચેદી દેશ પ્રત્યે સુબાહુ રાજાના નગરમાં આવી પહોંચ્યો. એ શહેરમાં જોતો જોતો તે રાજમહેલની કને આવ્યો, ત્યાં તેણે રાજકન્યા સુનંદાની સાથે બેઠેલી સખીને જોઈ. થોડીવાર એક નજરથી તેના સામું જોઈ રહી શરીરનાં ચિન્હ મળવાથી સુદેવે વિચાર્યું કે નક્કી આ દમયંતી છે. તેથી તેની પાસે જઇને તે બોલ્યો કે, બેન દમયંતી ! તમારાં માતપિતા તથા બેઉ બાળક ખુશી આનંદમાં છે. હું તમારા ભાઇનો મિત્ર સુદેવ બ્રાહ્મણ છું, મને ઓળખ્યો ? તમારા પિતાએ મને તમારી શોધ કાઢવાને મોકલ્યો છે. આ

* પ્રેમાનંદે ઇંદુમતી કહીછે.

સાંભળી દમયંતીનું હૃદય ભરાઈ આવ્યું અને રડતી રડતી તે બોલી કે, બાપ સુદેવ, સર્વ ખુશી છેને? ! સુદેવ પણ રડવા લાગ્યો. બેઉને રડતાં જોઈ સુનંદા પોતાની મા પાસે જઇને કહેવા લાગી કે, મા, સૈંધ્રીની પાસે કોઈ બ્રાહ્મણ આવીને બેઠોછે અને તે બે જણાં બહુજ રડેછે. તે સાંભળી રાજમાતા ઉતાવળાં તેમની પાસે આવી બ્રાહ્મણને પૂછવા લાગ્યાં કે, ભાઈ, આ સૈંધ્રીને તું ઓળખેછે? એ કોણ છે? સુદેવે કહ્યું, માજી ! એ વિદર્ભ દેશના ભીમક રાજાની પુત્રી અને નિષધ દેશના નળ રાજાની સ્ત્રી દમયંતી છે. એના પિતાએ મને એની શોધ કરવાને મોકલ્યો છે. ઘણા દિવસથી શોધતાં શોધતાં આજ મેં એને દીઠી. એના જેવી સ્વરૂપવાન્ બીજી કોઇ સ્ત્રી પૃથ્વીમાં નથી. એના કપાળમાં કમળના પુષ્પ સરખો લાલ મસ છે, તે એંધાણથી મેં એને ઓળખી કાઢી. સુદેવનાં વચન સાંભળી રાજમાતા બેબાકળી બની ગઈ. તે પશ્ચાતાપ કરવા લાગી કે, શિવ ! શિવ!! મેં આ શું કર્યું!! મારી બેનની પુત્રી પાસે મેં દાસીપણું કરાવ્યું ! ! મને ધિક્કાર છે કે મેં એને ઓળખી નહિ!!! પોતાની માસીને આમ પશ્ચાતાપ કરતી જોઇ દમયંતી તેને કહેવા લાગી કે, માસી, અહિંઆં હું કાંઈ દુઃખ પામી નથી, યોગ્ય રીતે મારી બરદાશ થઇ છે. તમે મારી પાસે કાંઈ નીચું કામ કરાવ્યું નથી, માટે હું તમારો પાડ માનું છું. હવે તમે મારા પિતાના ઘર પ્રત્યે જવાને મને જલદી આજ્ઞા આપો, શાથી કે મારાં બેઉ નાનાં બાળક મારા વિના કેવાં ટળવળતાં હશે તે હું જાણતી નથી. દમયંતીનું કહેવું કબૂલ કરી રાજમાતાએ કેટલુંક સૈન્ય સાથે આપી પાલખીમાં બેસાડી સુદેવ સહિત તેને તેના પિતાને ઘેર વિદાય કરી.

થોડા દિવસમાં સુદેવ તથા દમયંતી કુંડીનપુર જઈ પહોંચ્યાં. દમયંતીને જોઇ તેનાં માત પિતા ઘણોજ હર્ષ પામ્યાં. વિખુટી પડેલી ગાય જેમ પોતાના વાછરડાને મળે, તેમ દમયંતી પોતાનાં બેઉ બાળકોને મળી. થોડા દિવસ ત્યાં રહ્યા પછી દમયંતીએ પોતાની માતાને એકાન્તમાં બોલાવીને કહ્યું કે, માતા ! જો તું મને જીવાડવાને ચહાતી હોય તો બ્રાહ્મણને મોકલી મારા પતિની શોધ કરાવ. તે સાંભળી ભીમક રાજાની આજ્ઞાથી તેણે નળની શોધને માટે બ્રાહ્મણોને મોકલ્યા. તેઓમાંનો એક પર્ણાદ નામે બ્રાહ્મણ ફરતો ફરતો અયોધ્યામાં ઋતુપર્ણ રાજાના દરબારમાં આવ્યો. ત્યાં

આવીને તે દમયંતીની બતાવેલી કેટલીક શમસ્યાઓ ટેન્સ નાંખતો હોય તે પ્રમાણે બોલવા લાગ્યો. દમયંતીએ તેને કહ્યું હતું કે, જે મારી શમસ્યાઓનો પ્રત્યુત્તર આપે તેજ નળ છે, એમ જાણવું. રાજસભામાંથી કોઇએ કાંઈ જવાબ દીધો નહિ એટલે પર્ણાદ ત્યાંથી આગળ ચાલ્યો અને દમયંતીની શમસ્યાઓ બોલતો બોલતો રાજાની ઘોડાર પાસે આવ્યો, ત્યાં ઘોડાની ચાકરી કરનાર બાહુક નામના એક સારથીએ બહાર આવી તેના બોલવાનો ખરેખરો જવાબ આપ્યો. એ બાહુકનો ચહેરો અતિ કદરૂપો અને બેડોળ હોવાથી પર્ણાદના મનમાં એમ ખાતરી ન થઈ કે આજ નળરાજા હોય. તેથી તે ત્યાંથી પાછો ફરી દમયંતી કને કુંડીનપુરમાં આવ્યો અને બાહુકે કહેલો શમસ્યાઓનો પ્રત્યુત્તર તેને કહી સંભળાવ્યો. દમયંતીએ જાણ્યું કે નકી એ નળ છે. તેને તેડી લાવવા સારૂ એ સતિએ સ્વયંવરનું બાનું કાઢી બ્રાહ્મણને પાછો અયોધ્યા મોકલ્યો, તે ત્યાં જઈ ઋતુપર્ણ સુદ્ધાં બાહુકને કુંડીનપુરમાં તેડી લાવ્યો. પછી આડકતરી રીતે કેટલીએક પરીક્ષા કરી દમયંતીએ પોતાના સ્વામિ નળને ઓળખી કાઢ્યો. નળને તેનું અસલ સ્વરૂપ પ્રાપ્ત થયું અને તે તથા દમયંતી એક બીજાને મળ્યાં તે વખતે આખા નગરમાં મોટો આનંદ વર્તાયો. થોડા દિવસ કુંડીનપુરમાં રહ્યા પછી નળે નિષધ દેશમાં આવી પુષ્કર પાસેથી પોતાનું રાજ્ય લઈ લીધું. એ રીતે નળ અને દમયંતી દુઃખમાંથી છૂટી પોતાની પૂર્વ સ્થિતિને પામ્યાં.

ઉપરના દમયંતીના આખ્યાન ઉપરથી વાંચનારના મનમાં નકી થશે કે બાળકો પુખ્ત ઉંમરે પહોંચ્યા પછી પોતાની મેળે એક એકને પસંદ કરી પરણે તો સંસારમાં અચાનક આવતી અડચણોથી મુક્ત થઈ, તેઓ કુનિઆદારીનાં સુખ દુઃખ સહન કરવા શક્તિવાન્ થાય. કદાચિત્ મોટી ઉંમરે એવા જોડામાંથી કોઈનામાં નળની પેઠે કાંઈ દુર્ગુણ માલૂમ પડે તોપણ તેથી કંટાળીને હિમ્મત નહિ હારતાં તેથી ઉત્પન્ન થએલા ગેરફાયદાનું ફળ ભોગવવામાં એક બીજાને મદદ કરી, છેવટે ધીરજથી તે દુઃખ દૂર થવાના પ્રયત્ન કર્યા સિવાય ચૂકે નહિ. નાની ઉંમરમાં બાળકોને પરણાવવાથી આગળ સંસારમાં ઉતરતાં તેમને કેટલી અડચણો આવી નડે છે, અને તે અડચણો દૂર કરવાને કોઇપણ પ્રકારનું સાધન તેમની પાસે રહેતું નથી, એ વિષય ઉપર વિવેચન કરવાનું ગ્રંથ વિસ્તારના ભયે અત્રે માંડી વાળી-

એ છીએ. તોપણ એટલું કહેવું જોઇએ કે, જે લોકો પોતાની પ્રજાનું સારૂં થવાને ઇચ્છતા હોય તેમણે છોકરાં ઉમર લાયક થઈ તેમની મેળે એક બીજાને પસંદ કરી પરણે એવો કાંઈ બંદોબસ્ત કરવો જોઇએ. આવો રિવાજ થાય તો દેશમાં સંપ, વિદ્યા, દ્રવ્ય, અને સ્વતંત્રતા વધ્યા સિવાય રહે નહિ. સ્વદેશનું કલ્યાણ ઇચ્છતા હોય તેમણે ખરા અન્તઃકરણથી આ બાબત પર લક્ષ આપી એ પ્રમાણે થવા યત્ન કરવો અને પોતે પણ એમ વર્તવું જોઇએ.

દમયંતીના પાતિવ્રત્યને માટે વિસ્તાર કરી સમજાવવું પડે તેમ નથી. ઉપરના આખ્યાનમાં વખતે વખત તેના અનહદ પતિપ્રેમની હકીકત જોવામાં આવશે. દુર્વિકારોથી નળનું મન ભ્રમિત થયું અને તેણે એ સતિ (દમયંતી) નો વાંક વિના ત્યાગ કર્યો, તોપણ એ પવિત્ર બાઇએ તેના તરફના પોતાના ગાઢ પ્રેમભાવમાં લેશ માત્ર પણ ખામી આવવા દીધી નથી. ભૂખ, તરશ અને થાકથી તથા વિકાળ વનપશુઓ અને દુષ્ટદુર્ગુણી મનુષ્યોથી તેને પારવિનાની પીડા ભોગવવી પડી તે છતાં, હે નળ! હે નળ! એ શબ્દ તેના મોઢેથી બોલાતો બંધ પડ્યો નથી! પોતાને કેવું દુઃખ પડેછે તથા પોતે કેવી હાલતમાં છે તે ઉપર બિલકુલ લક્ષ ન આપતાં ઘેલીની પેઠે ઝાડ, પાન, પશુ, પંખી, પંથી-મુસાફર-અતિથિ અને જે મળે તેને 'નળ રાજા દીઠા? પુણ્યશ્લોક ક્યાંઈ મળ્યા?' એ પ્રમાણે તેણે પૂછ્યાજ કર્યું. એટલુંજ નહિ, પણ ૠતુપર્ણરાજાની ઘોડારમાંના બાહુક નામે સારથીએ પર્ણાદની ટેલનો પ્રત્યુત્તર આપ્યો તેથી તે નળ રાજા છે એમ ધારી તેને મળવાની આશાએ ફરી સ્વયંવર કરવાનું ખોટું બહાનું કાઢી એ રાજા તથા સારથીને પોતાની પાસે તેડાવ્યા અને બુદ્ધિ ચાતુર્યથી બાહુકની પરીક્ષા કરી ધૂળમાંથી હીરો ઉપાડી લે તે પ્રમાણે નળ રાજાને ખોળી કાઢ્યો, એ, પોતાના પતિ તરફની એ સતિની દ્રઢ પ્રેમભક્તિની ખરેખરી લાગણી દેખાડી આપેછે. પોતાનો અપરાધ નહિ હોવા છતાં ઉજાડ જંગલમાં જેણે રખડતી મૂકેલી, એવા નિર્દય થઈ ગયેલા ભ્રમિત મનના પતિનો પત્તો મેળવવા દમયંતી જેવી સુકુમાર રાજકન્યાએ જે ભગીરથ પ્રયત્ન કર્યો એ તેના નિર્મળ પતિવ્રતપણાની ખરી ખૂબી દેખાડી આપેછે. એના જેવો દ્રઢ પ્રતિપ્રેમ અને પતિભક્તિની આસકતતા આજના વિકારી વખ-

તમાં તો દેખ્વામાં ક્યાંથી આવે, પણ પૂર્વે પ્રખ્યાત થઈ ગએલી ઘણીક સ-તિઓ પણ તેના એ ગુણની બરોબરી કરી શકે નહિ એમ ધારી શકાયછે. સિતાને જે દુઃખ પડ્યું તે તેણે સહન કર્યું, પણ આણે (દમયંતીએ) તો એવું દુઃખ સહન કરવા સાથે વિયોગી પતિનો મળાપ કરવાને ખરા પુરૂ-ષાતનવાળા પુરૂષથી પણ બની શકે નહિ એવો પ્રયત્ન ર્ક્યોછે. અહા ! એક વખત એવો પણ હતો કે જ્યારે આવાં સ્ત્રીરત્નોથી ભરતખંડની પવિત્ર ભૂ-મિ અનહદ યશવાળી ગણાતી હતી !! દમયંતીનું આખ્યાન એવું બોધદાય-ક અને ચિત્તાકર્ષક છે કે તે આપણા આ દેશના લોકોજ પ્રેમપૂર્વક વાંચેછે એમ નથી, પણ અન્યદેશના પરધર્મી લોકો પણ હોંસે હોંસે તેનો આદર કરેછે. આ પવિત્ર આખ્યાન ધ્યાન પૂર્વક વાંચી તેમાંથી મળતો રૂડો બોધ ગ્રહણકરી આપણા દેશની સ્ત્રીઓ પોતાના દંપતિપ્રેમને શોભાવશે તો આ આખ્યાન લખાવનાર તથા લખનારને અનહદ આનંદ થશે.

સંસાર સુધારાનો મુખ્ય આધાર સ્ત્રી સુધારા ઉપર છે. જ્યાં સ્ત્રીઓ શુદ્ધાચરણવાળી અને કેળવાએલી નથી ત્યાં ગમે તેટલા પ્રયત્ન કરવા છ-તાં કશો દહાડો વળવાનો નથી. આવા વિચારથી, આપણા દેશની સ્ત્રી ઓને દ્રષ્ટાંતદ્વારા ઉપદેશ આપવા માટે આ આખ્યાન લખાવવાનો વિ-ચાર ગૂજરાત વર્નાક્યુલર સોસાઈટીએ ર્ક્યો છે. એ વિચાર પાર પાડવો તે વાંચનારના ઉપર આધાર રાખેછે. માટે છેવટે સર્વ ગૂજરાતના ભાઈ બેનોને નમ્રતા પૂર્વક વિનંતિ છે કે તેમણે આ દમયંતીનું તથા પા-છળનું સિતાનું એ બે આખ્યાન લક્ષપૂર્વક વાંચી તેમાંથી મળતો ઉત્તમ ઉપદેશ ગ્રહણ કરવો. બહુ બહુ પ્રકારે શ્રમ અને ખર્ચ કરવા છતાં જે અગત્યની બાબત મળવી મુશ્કેલ પડે તે બાબત-દંપતિ પ્રેમનો રૂડો બોધ-આ બે નાનાં આખ્યાનો સમજીને વાંચવાથી ઝટ મળી શકશે.

सिता अने दमयंती विषे.

પીઠામાં પોકાર પડિયારે, ફંદે લુટાણા ફડીયા. એ રાગ.

સતી એક સીતા શાણી રે, અતિ રૂડી દમયંતી રાણી રે; ટેક.

રાઘવ રાયે ત્રંબક ત્રોડી, ગ્રહ્યો સતીનો હાથ;

ઇચ્છેલો વર વરી વૈદર્ભિ, નૈષધ કેરો નાથ— સતી એક૦ ૧

રાજ્ય તજી સત્ય સાચવવાને, રામે વેઠ્યો વનવાસ;
જુગટામાં જર ખોયો નૈષધે, હાથે બન્યો ઉદાસ— સતી એક૦ ૨
કાકુસ્થ વિરહ ન વેઠ્યો વનિતા, વન વસી સ્વામીની પાસ;
દોષનો રોષ ન આણ્યો દમયંતી, પુંઠે કીધો પ્રવાસ—સતી એક૦ ૩
વન વસી હઠ લીધી હઠીલી, માગ્યું મૃગનું ચર્મ;
નગ્ન નાથને વસ્ત્ર વિટાળ્યું, કેવું દમયંતીનું કર્મ— સતિ એક૦ ૪
લક્ષ્મણ વચન પર લક્ષ ન રાખ્યો, દીલમાં માન્યો દાધ;
પીયર-પંથ પતિએ બાળવિયો, તોય ન કીધો ત્યાગ—સતી એક૦૫
સુની સિતાનું હરણ થવાથી, રોયા રામ અપાર;
નિર્દય નાથે ઊંઘતી મુકી, નળ ! નળ ! કીધો પોકાર—સતી એક૦૬
રાવણ રાજા લંકામાં લાવ્યો, ધ્રુજાવી દીધી ધાક;
પારધીએ પતિવ્રતા સતાવી, બાળીને કીધો ખાખ—સતીએક૦૭
અશોક વાડીમાં અબળા રાખી, ચોકી ચારે પાસ;
વણઝારાનું દુઃખ વટી, થઈ છાની માસીની દાસ— સતી એક૦૮
રામે સિતાનો શોધ કરાવી, જીતી જુવતી રત્ન;
વિપ્ર મારગે વર ખોળી લીધો, એવો અબળાનો યત્ન—સતી એક૦૯
સિતાનું જેવું શાણપણું, તેવો રામ તણોજ વિવેક;
ભ્રમિત નળનું ભાન ન ભૂલી, એવી દમયંતી એક—સતીએક.૧૦